नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

# श्रुतसंविभाग – ६

May, 2017 વૈશાખ, ૨૦૭૩

## શ્રુતસંવિભાગ : પ્રતિભાના વિકાસ માટેનો મંચ

સ્વાધ્યાય અથવા અધ્યયન અનેક રીતે થઇ શકે છે. એક જ ગ્રંથ અથવા શાસ્ત્રનો સમીક્ષાત્મક અભ્યાસ થઇ શકે; તુલનાત્મક અભ્યાસ થઇ શકે; સંશોધનાત્મક અને અનુપ્રેક્ષાત્મક અભ્યાસ પણ થઇ શકે. કોઇ નીવડેલ પ્રતિભા વળી આ તમામ દૃષ્ટિએ અભ્યાસ કરી જાણે એવું પણ બને.

સવાલ પ્રતિભા વિકસાવવાનો છે. પ્રજ્ઞાના નવનવા ઉન્મેષો ખીલવવા માટેની ભૂમિકા જો મળે તો આપણે ત્યાં ઘણી પ્રતિભાઓ વિકસી શકે તેમ છે તેવી પ્રતીતિ છે. મોટા ભાગે આવી પ્રતિભાઓને ખીલવા માટેની ભૂમિકા આપણે ત્યાં ઉપલબ્ધ થતી નથી. ગુરુજનોના, પરંપરાના નામે પ્રવર્તતા, જૂનવાણી ખ્યાલો, વ્યાપક સામાન્ય જ્ઞાન તથા વાંચનનો લગભગ અભાવ, સામાજિક તેમ જ સામુદાયિક માપદંડો અને વ્યવહારોના ચોકઠામાંથી બહાર આવવા માટેની દૃષ્ટિ, રુચિ અને ઇચ્છા-શક્તિની ગેરહાજરી – આવાં વિવિધ કારણોસર કેટલીય પ્રતિભાઓ ઊગતી જ મૂરઝાઇ જતી હોય છે કે બીજા માર્ગે ફંટાઇ જતી હોય છે.

પ્રતિભાનો વિકાસ આપણે ત્યાં લોકપ્રિય કે પછી લોકભોગ્ય વ્યાખ્યાન વાંચવાની આવડત સાથે જોડાઇ જાય છે. વક્તા બને તે પછી લેખક પણ બની શકે, પ્રભાવક પણ બની જાય, અને તે રીતે લોકોને માન્ય બની જાય. આ સ્થિતિ બધાયને લાગુ પાડવાની નથી હોતી, એ તથ્ય કેમ સમજાય?

પ્રતિભાનો વિકાસ એટલે ગુરુજનોની તથા સંયમની મર્યાદાનું ઉલ્લંઘન – એવી ભ્રમણા – ક્વચિત્ સકારણ, મોટા ભાગે અકારણ – પણ વ્યાપક છે. સઘળી ઉચિત મર્યાદાઓનું શ્રદ્ધા-બહુમાન-પૂર્વક પાલન કરનાર સાધુ પણ પ્રતિભાનો વિકાસ સાધી શકે જ. આવો સાધુ મનસ્વી હોય, પણ સ્વચ્છંદી ન હોય.

**શ્રુતસંવિભાગ** આવી સાધુ-પ્રતિભાઓને શોધી શોધીને પરસ્પરના સખ્ય, સંવાદ, શાસ્ત્રવિમર્શ, સંશોધન-સર્જન તેમ જ ઉપર કહ્યા તેવા અધ્યયન માટેની કાચી-પાકી ભૂમિકા પૂરી પાડતો મંચ છે. જેમ જેમ તે પ્રગટ થાય છે તેમ તેમ પ્રતિભાઓના નવા નવા ઉન્મેષ કે સ્ફુલિંગો પણ વિસ્તરતા જાય છે. આ સ્ફુલિંગ-સ્પર્શ અત્યંત રોચક-આહ્લાદક બની રહ્યો છે.

મારા નાના-નાના પણ હોનહાર મુનિ-મિત્રો, બધા જ પૂર્વગ્રહો ત્યજી દઇને પોતાની આવૃત પ્રતિભાને અનાવૃત કરવાનો ઉદ્યમ કરે, અને તેમના ગુરુજનો તેમને પ્રોત્સાહિત કરે, એવી અંગત ઝંખનાપૂર્વકની પ્રાર્થના સાથે વિરમું છું.

**- વિજયશીલચન્દ્રસૂરિ**

## ૧. પાત્રધાવન-વિધિ

પૂર્વકાળમાં જ્યાં ગોચરી વાપરી હોય ત્યાં જ એકવાર પાત્ર ધોવામાં આવતાં. ત્યાર બાદ પાત્રાને વધુ સ્વચ્છ કરવા માટે એ સ્થાનથી ઊઠીને બહાર જઇ ત્યાં પાત્રાં ધોવામાં આવતાં. પરંતુ જો બહાર કોઇ ગૃહસ્થ હોય અને ધોવાની ક્રિયાથી હાંસી થવાનો ભય લાગે તો અંદર પણ ધોઇ શકાતાં.

जोग्गे धूपंति बाहिं सागरिए नवरमंतोऽवि ।। (*પંચવસ્તુક* - ૩૮૮) વૃત્તિ – बहिः- मण्डलभूमेरन्यत्र, सागारिके सत्युपघातसंरक्षणार्थं, नवरमन्तोऽपि- अभ्यन्तरेऽपि धावन्ति इति ।।

સાધુએ પાત્રાં ત્રણવાર ધોવાનાં હોય પણ જો આધાકર્મી વગેરે દોષ સેવીને ગોચરી વાપરી હોય તો ત્રણથી વધુ વાર પાત્રધાવન કરે. કારણ કે તો પોતાના દોષનો બીજાને પણ ખ્યાલ આવે અને એને દોષિત ગોચરીમાં આસક્તિ ન જાગે.

ज्ञात्वा वा परिभोगमाधाकर्मादेः कल्पं ततः प्रवर्धयन्ति सदोषतापरिख्यापनेन गार्ध्य-परिहरणार्थमिति ।। (*પંચવસ્તુક* - ૩૮૯ ની વૃત્તિ)

* * *

## ૨. વેદના પુણ્યથી પણ હોઇ શકે

કોઈને પણ કોઈપણ વેદના પાપના ઉદયથી જ આવે એવું આપણે સમજીએ છીએ. પણ પંચમહાવ્રતધારી મુનિઓ વેદનાને સમભાવથી સહન કરતાં હોવાથી વેદનાને પરિણામે એમનું આધ્યાત્મિક કલ્યાણ જ થાય છે. આથી વાસ્તવિક રીતે તો આવી વેદના એમના પાપના ઉદયથી નહીં, પણ પુણ્યના ઉદયથી જ થાય છે એમ સમજી શકાય. *પંચવસ્તુક* ગ્રંથમાં પૂજ્ય *હરિભદ્રસૂરિજી* ભગવંત પણ એમ જ ફરમાવે છે –

तम्हा निरभिसंगा धम्मज्झाणंमि मुणिअतत्ताणं ।
तह कम्मक्खयहेउं विअणा पुन्नाउ निद्दिट्ठा ।। (૨૦૩)

વૃત્તિ - तस्माद् निरभिष्वङ्गाः- सर्वत्राऽऽशंसाविप्रमुक्ता धर्मध्याने तथाऽऽह्लादके सति ज्ञाततत्त्वानां- मोहरहितानां तथा- तेन प्रकारेणाऽन्यानुपादानलक्षणेन कर्मक्षयहेतुर्वेदना तथाविधात्मपरिणामरूपानपायिनी पुण्यान्निर्दिष्टा- तत्त्वतः पुण्यफलमेवंविधेति ।।

અર્થાત્ સાધુઓ દુન્યવી સુખની આશંસા વગર જ વેદના સહે. એટલે એ વેદનામાં તેઓને અસમાધિ ન થાય, નવાં કર્મો ન બંધાય અને જૂનાંનો નાશ થાય. વેદનામાં પણ તેઓને આનંદ જ હોય. એ વેદના એમના આત્માના સુવિશુદ્ધ પરિણામોનો નાશ કરનારી ન બને. માટે તાત્ત્વિક દૃષ્ટિએ આવી વેદના પુણ્યના ઉદયથી થતી હોય એમ પણ સમજી શકાય.

* * *

## ૩. પ્રભુના પૂજાતિશયનો પ્રભાવ

તદ્ભવ મોક્ષગામી જીવો પણ પ્રભુના સમવસરણની ઋદ્ધિ જોઇને સંસારને અભિમુખ મનવાળા થાય અને તીર્થંકરની સંપત્તિ મળે એ માટે ફરી એક વાર ગર્ભાવાસ ઇચ્છે એમ બની શકે. નવાંગી ટીકાકાર *શ્રીઅભયદેવસૂરિ* મ.ના પ્રશિષ્ય *શ્રીજિનદત્તસૂરિજી* રચિત *ચૈત્યવંદનકુલક* ની *શ્રીજિનકુશલસૂરિજી* રચિત વૃત્તિમાં એમ જણાવાયું છે –

तीर्थङ्करस्याऽशोकाद्यष्टमहाप्रातिहार्यसपर्यामवलोक्य चरमशरीरभाजोऽपि सकृद् गर्भवासा-दिदुःखजालमवगणय्य श्रीतीर्थङ्करसम्पदमासादयितुमिच्छन्ति । उक्तं च –

पडिवन्नचरमतणुणो अइसयलेसं पि जस्स दट्ठूणं ।
भवजुत्तमणा जायन्ति जोगिणो तं जिणं नमह ।।

**- મુનિ રાજદર્શનવિજય** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## જંબૂદ્વીપની ઊંડાઇ અને ઊંચાઇ

જંબૂદ્વીપ નવાણું હજાર યોજનથી કાંઇક અધિક ઊંચો છે અને એક હજાર યોજન નીચો છે. એનો સરવાળો કરતાં એનું ઊર્ધ્વાધઃ પ્રમાણ એક લાખ યોજનથી કાંઇક અધિક છે -

एगं जोयणसहस्सं उव्वेहेणं, णवणवतिजोअणसहस्साइं साइरेगाइं उड्ढं उच्चत्तेणं, साइरेगं जोअणसहस्सं सव्वग्गेणं पण्णत्ते ।। (*જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ*)

પ્રશ્ન એ થાય કે જળાશય, પર્વત વગેરેની ઊંડાઇ અને ઊંચાઇ હોય તે વાજબી છે. પણ જંબૂદ્વીપની ઊંડાઇ અને ઊંચાઇ કેવી રીતે હોઇ શકે? *ક્ષેત્રલોકપ્રકાશ* ના ૧૫મા સર્ગના શ્લોક ક્રમાંક ૪૧ થી ૪૫ માં આનો જવાબ આમ અપાયો છે – જંબૂદ્વીપની પૃથ્વી પશ્ચિમ દિશામાં ઘર્મા નારકી તરફ અનુક્રમે ઘટતી ઘટતી જાય છે અને જંબૂદ્વીપની જગતી પાસેની બે વિજયોમાં એક હજાર યોજન નીચે ઊતરે છે. ત્યાં અધોલોક ગ્રામ આવેલાં છે. આ સર્વમાં જંબૂદ્વીપનો વ્યવહાર હોવાથી એની આટલી ઊંડાઇ કહેવાય છે. વળી, જંબૂદ્વીપમાં જે જે જિનેશ્વરો જન્મે છે તેમનો અભિષેક મેરુપર્વતના પાંડુકવનની શિલા પર કરવામાં આવે છે. એથી જંબૂદ્વીપનો તે સ્થળ સુધીનો વ્યવહાર ગણીને એની એટલી ઊંચાઇ સમજવામાં આવે છે.

**– મુનિ વિરાગચંદ્રસાગરજી ગણિ** (સાગરજી મહારાજનો સમુદાય)

* * *

## અમારિ કઇ રીતે પળાવવી?

आरंभेच्चिय दाणं, दीणादीण मणतुट्ठिजणणत्थं ।
रण्णाऽमाघायकारणमणहं गुरुणा ससत्तीए ।। (*પંચાશક* – ૯.૧૨)

वृत्ति - तथा राज्ञा- नृपेण मा- लक्ष्मीः, सा च द्वेधा – धनलक्ष्मीः प्राणलक्ष्मीश्च, अतस्तस्या घातो- हननं तस्याऽभावोऽमाघातः, अमारिरद्रव्यापहारश्चेत्यर्थः । तस्य कारणं- विधापन- ममाघातकारणं, अनघं- निर्दोषं, वधप्रवृत्तभोजनवृत्तिसम्पादनेन, अन्यथा तद्वृत्त्युच्छेदापत्तेः, गुरुणा- प्रावचनिकेन, स्वशक्त्या- स्वसामर्थ्येन इति गाथार्थः ।।

આનો સામાન્ય અર્થ આવો થશે – સિદ્ધાંતના જાણકાર ગુરુએ મહોત્સવના પ્રારંભથી જ સ્વશક્તિથી રાજાદિને ઉપદેશ આપીને હિંસાથી આજીવિકા ચલાવનાર મચ્છીમાર આદિની ભોજન-આજીવિકાની યોગ્ય વ્યવસ્થા કરીને તેમનાથી થતી હિંસા બંધ કરાવવી જોઇએ. જો આજીવિકાની વ્યવસ્થા ન કરવામાં આવે તો એમની આજીવિકાનો વિચ્છેદ થાય.

વર્તમાનમાં ઘણે ઠેકાણે કાયદાની મદદથી હિંસા અટકાવવાનો પ્રયાસ કરવાનું વિચારાય છે અને તેને પરિણામે ક્યાંક ક્યાંક શાસનની અપભ્રાજના પણ થતી જોવા મળે છે તે સંદર્ભે ઉપરોક્ત વિધાન વિચારણીય લાગે છે.

**– મુનિ શ્રીમુક્તિતિલકવિજયજી** (શ્રીકલાપૂર્ણસૂરિજી-સમુદાય)

[આ સંબંધે આ જ પંચાશકની આગળની ગાથાઓમાં ઘણી સરસ ચર્ચા છે તે જોવા ભલામણ છે. – સં.]

## પ્રભુના અતિશયની મર્યાદા : ૧૦૦ યોજન કે ૧૨૫ યોજન?

*પ્રવચનસારોદ્ધાર* ની ગાથા – ૪૪૧ થી ૪૫૦ માં પ્રભુના ચોત્રીસ અતિશયોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં જણાવાયું છે કે પ્રભુ જ્યાં વિચરતાં હોય ત્યાં ચારે દિશામાં ૨૫-૨૫ યોજન સુધી મારી-મરકી, દુશ્મન રાજાની ચડાઇ વગેરે ઉપદ્રવો હોતા નથી.

एते च रोगादयो यत्र यत्र भगवान् विहरति तत्र तत्र चतसृषु दिक्षु प्रत्येकं पञ्चविंशति-योजनमध्यं न जायन्ते ।।

*સમવાયાંગજી* માં પ્રભુ જે દિશામાં વિહરતા હોય તે દિશાની અપેક્ષાએ ૨૫ યોજનની વાત જણાવી છે. આમાં *પ્ર.સા.* ની વાત જ જુદા શબ્દોમાં હોવાનું સમજાય છે.

जओ जओ वि य णं अरिहंता भगवंतो विहरंति तओ तओ वि य णं जोअणपणवीसाए णं ईई न भवइ, मारी न भवइ, परचक्कं न भवइ...खिप्पामेव उवसमंति ।। (सूत्र-३४)

*સ્થાનાંગસૂત્ર* ની વૃત્તિમાં સ્થાનક-૧૦ માં પણ કોઇ ચોક્કસ દિશા દર્શાવવામાં નથી આવી, પણ ૧૦૦ યોજનના સંદર્ભ પરથી ચારે દિશામાં ૨૫-૨૫ યોજન સમજી શકાય છે.

महावीरस्य भगवतः स्वप्रभावप्रशमितयोजनशतमध्यगतवैरिमारिविड्वरदुर्भिक्षाद्युपद्रव-स्याऽपि... ।।

પણ આની સામે અનેક ઠેકાણે ૧૨૫ યોજન જણાવાયા છે. જેમ કે *ચોમાસી દેવવંદન* માં શ્રીશાંતિનાથ પ્રભુના સ્તવનમાં – "જેને જોયણ સવાસો માન કે અચિરાના નંદ રે"

*વીતરાગસ્તવ* – પ્રકાશ-૩, ગાથા-૪ –

सारेऽपि योजनशते, पूर्वोत्पन्ना गदाम्बुदाः ।
यदञ्जसा विलीयन्ते, त्वद्विहारानिलोर्मिभिः ।।

અહીં साग्रेऽपि નો અર્થ સવાસો યોજન કરવાનો છે. જુઓ વૃત્તિ –

क्षेत्रावधिमाह - साग्रेऽपि योजनशते इति सह अग्रेण वर्तते इति साग्रं, तच्च योजनशतं च, पञ्चविंशत्यधिके योजनशत इत्यैदम्पर्यात् ।।

તો અહીં સવાસો યોજનની ગણતરી કઈ રીતે સમજવી? ચારેય દિશામાં ૨૫-૨૫ યોજન અને ઉપર-નીચે ૧૨.૫-૧૨.૫ યોજન એમ સમજવાનું છે? કે પછી ૧૨૫ યોજન પ્રમાણ સંપૂર્ણ માંડલું લેવાનું છે? અને જો માંડલું લેવાનું હોય તો મધ્યભાગથી ચારે દિશામાં કેટલા યોજન સમજવાના છે?

જો કે *વીતરાગસ્તવ* માં જ આગળ જતાં પ્રકાશ-૩ ની ગાથા-૬ થી ૧૦ ની વૃત્તિમાં ૧૦૦ યોજન જ જણાવાયું છે. જેમ કે –

यच्चाऽस्मिन् भुवस्तले त्वयि विहरति योजनशतान्तर्वैराग्निः प्रशाम्यति...।। (૩.૬ ની વૃત્તિ)

તો આમાં પરમાર્થથી શું સમજવું તે જણાવીને ઉપકૃત કરવા માટે વિદ્વાનોને વિનંતિ.

– **મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

* * *

## विष्णुकुमार मुनि के वैक्रिय शरीर का माप क्या ?

विष्णुकुमार मुनि ने वैक्रिय शरीर एक लाख योजन ऊँचा बनाया था । अंगुल तीन प्रकार के होते हैं । (अंगुल की प्ररूपणा के लिए देखिये **श्रुतसंविभाग – ४**) उनमें मनुष्य आदि के शरीर उत्सेध या उच्छ्रय नाम के अंगुल से नापे जाते हैं –

"उच्छ्रयाङ्गुलेन नर-तिर्यग्-देव-नैरयिकशरीराणि ।।" (*आव.नि.मलयगिरिवृत्ति* – पृष्ठ-२९ब)

अब प्रश्न यह होता है कि विष्णुकुमार मुनि का एक लाख योजन प्रमाण शरीर किस अंगुल से नापना – उत्सेध अंगुल से या प्रमाण अंगुल से ?

क्यों कि यदि उत्सेध अंगुल से नापें तो उस वक्त उनके पूर्व-पश्चिम समुद्र में एक-एक पैर रखने की बात जो बताई जाती है वह असिद्ध होगी । और *त्रिषष्टिशलाकापुरुषचरित* के श्लोक - ६.८.१८२ में उनके मेरुसम होने की बात जो कही गई है वह भी ठीक नही बैठेगी । वह भी इसलिए कि प्रमाण अंगुल से नापे जाते भरतक्षेत्र के पूर्व-पश्चिम तटों और मेरुपर्वत के हिसाब से उत्सेध अंगुल से नापी जाती काया बहुत ही छोटी होगी । और यदि उक्त बात का मेल बिठाने के लिए प्रमाण अंगुल से नापने की सोचें तो जगह जगह पर मिलते उत्सेध अंगुल से शरीर-प्रमाण दिखानेवाले शास्त्रपाठों के साथ विरोध होगा । तो यहाँ क्या समझना चाहिए वह बताने के लिए विनति है ।

**- मुनि श्रीगोयमचंद्रविजयजी** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## લેપકૃત આહારની છૂટ શા માટે?

સાધુઓને ત્યાગી હોવાથી નિત્ય અલેપકૃત આહાર કરવો જ ઉચિત છે. તો પછી શા માટે શાસ્ત્રોમાં સાધુઓને ગુર્વાજ્ઞાપૂર્વક લેપકૃત આહારની પણ છૂટ આપવામાં આવી છે? આ અંગે *પિંડવિશુદ્ધિ* માં સરસ ખુલાસો અપાયો છે –

गृहिणां शीतकालेऽपि आहारोपधिशय्याः- आहारस्य रन्धनानन्तरमेव भोजनकरणा-दुपधेस्त्वष्टमाष्टमाहप्रक्षालनात् शय्यायास्तु चुल्लीस्थितज्वलनयुक्तत्वाच्च उष्णाः स्युः, तेनाऽऽभिः शरीरस्याऽन्तर्बहिश्च तापभावात् तेषां तक्राद्यभावेऽप्याहारपाकभावादजीर्णादिदोषा न स्युः । यतीनां चाऽऽहारोपधिशय्या उष्णकालेऽप्याहारस्य भिक्षाचर्यायां बहुगृहेषु स्तोकस्तोकलाभेन बहुवेला-लगनाद्, उपधेस्तु वर्षान्ते एकामेव वेलां प्रक्षालनेन मलिनत्वात्, शय्यास्त्वग्निरहितत्वेन शीतलाः स्युः, तेनैतेषां प्रतिदिनमाचाम्लकरणेन तक्राद्यभावाज्जठराग्निनाऽऽहारपाकाभावादजीर्णादिदोषाः स्युः । ततश्च न केवलं जठराग्निनाऽऽहारः पच्यते, किन्तु लेपकृता तक्रादिनाऽपि ।।

મતલબ કે આહાર પચે અને અજીર્ણ ન થાય તે માટે લેપકૃત આહારની છૂટ આપવામાં આવી છે.

**– મુનિ શ્રીહેમનિલયવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

* * *

## અરણિકાચાર્યના કથાનકમાં એક નવી જ વાત

પ્રચલિત વાર્તા પ્રમાણે અરણિકાચાર્ય અને પુષ્પચૂલા સાધ્વીજીના પ્રસંગમાં પુષ્પચૂલા સાધ્વીજી અરણિકાચાર્ય માટે વરસતા વરસાદમાં આહાર-પાણી લઈ આવ્યા. ત્યારે પોતાના માટે અપ્કાયની વિરાધના થવાથી દૂભાયેલા આચાર્યશ્રીએ સાધ્વીજીને ઠપકો આપ્યો અને પુનઃ આવું ન કરવાનું જણાવ્યું. ત્યારે સાધ્વીજીએ 'હું અચિત્ત જળમાં થઈને જ આવી છું, માટે અપ્કાયની વિરાધનાનો દોષ નથી' એમ કહીને આચાર્ય ભગવંતને આશ્વસ્ત કર્યા. ત્યારે આચાર્યશ્રીએ સાધ્વીજીને સાશ્ચર્ય પૂછ્યું કે 'તમને કેવી રીતે અહીં અચિત્ત જળ છે એવી ખબર પડી?' આના જવાબમાં 'અપ્રતિપાતી જ્ઞાનથી' એવો જવાબ મળતાં અરણિકાચાર્યને સાધ્વીજીને કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ ચૂક્યું છે તેનો ખ્યાલ આવ્યો. અને તેઓએ અણજાણપણે કેવલજ્ઞાનીની આશાતના કરવા બદલ તેમની ક્ષમા માંગી.

પરંતુ *સંવેગરંગશાળા* ગ્રંથની ગાથા-૫૩૪૩-૪૭ માં અરણિકાચાર્યને પુષ્પચૂલા સાધ્વીજીને કેવલજ્ઞાન પ્રાપ્ત થઈ ચૂક્યું છે તેનો ખ્યાલ એક જુદા જ પ્રકારની ઘટનાથી આવ્યો હોવાનું જણાવાયું છે –

एवं वच्चंतम्मि काले अच्चंतसुद्धपरिणामा ।
निद्धुणियघाइकम्मा सा पत्ता केवलालोयं ।।
पुव्वपवत्तं विणयं च केवली अमुणिओ न लंघेइ ।
इइ सा पुव्वकमेणं गुरुणो असणाइ उवणेइ ।।
एगम्मि य पत्थावे सिंभेणऽब्भाहयस्स सूरिस्स ।
जायाए तित्तभोयणवंछाए उचियसमयम्मि ।।
तीए य तहच्चिय पूरियाए विम्हइयमाणसो सूरी ।
भणइ कहं नायमिणं मम माणसियं तए अज्जे ।।
जं उवणीयं अइदुल्लहं पि भोज्जं अकालपरिहीणं ।
तीए भणियं नाणेण केण? पडिवायरहिएण ।।

અર્થાત્ પુષ્પચૂલા સાધ્વીજીને કેવલજ્ઞાન પ્રાપ્ત થવા છતાં 'કેવલજ્ઞાની જ્યાં સુધી કેવલી તરીકે પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી પૂર્વે પાળતા હોય તે વિનયમર્યાદાનું ઉલ્લંઘન ન કરે' એવો આચાર હોવાથી તે સાધ્વીજી પહેલાંની જેમ જ અરણિકાચાર્યની આહાર-પાણી આદિથી ભક્તિ કરતાં હતાં.

તેમાં એક પ્રસંગે શ્લેષ્મથી પીડાતા આચાર્યને તિક્ત ભોજનની ઈચ્છા થતાં તે સાધ્વીજીએ ઉચિત સમયે તે જ પ્રમાણે ભોજન લાવી આપ્યું. તેથી વિસ્મય પામેલા મનવાળા સૂરિજીએ સાધ્વીજીને પૂછ્યું કે 'તમે મારા મનની ગુપ્ત વાતને પણ કેવી રીતે જાણી લીધી?' ત્યારે સાધ્વીજીના 'અપ્રતિપાતી જ્ઞાનથી' એવા જવાબ પરથી આચાર્યને સાધ્વીજી કેવલજ્ઞાની થઈ ચૂક્યાં છે તે વાતનો ખ્યાલ આવ્યો.

આમ પ્રચલિત કથા કરતાં આ વાત ઘણી જુદી જણાય છે.

– **મુનિ શ્રીતારકચંદ્રસાગરજી** (શ્રીસાગરજી મહારાજનો સમુદાય)

[*આવશ્યકનિર્યુક્તિ* ની *હારિભદ્રી* વૃત્તિમાં અરણિકાચાર્યના કથાનકમાં ઉપરોક્ત બન્ને વાત જણાવાઈ છે. – **સં.**]

* * *

## બીજના વિકાસક્રમ અંગે રસપ્રદ વાત

*શ્રીપ્રજ્ઞાપનાસૂત્ર* ના પ્રથમ પદના સૂત્ર-૨૫ ની આચાર્યશ્રી *મલયગિરિજી* વિરચિત વૃત્તિમાં તેમ જ *શ્રીદશવૈકાલિકસૂત્ર* ના ચોથા અધ્યયનની નિર્યુક્તિ ગાથા-૨૩૨ ની *શ્રીહરિભદ્રસૂરિજી* રચિત વૃત્તિમાં બીજની યોનિભૂતતા, ઉચ્છૂનાવસ્થા, કિસલયાવસ્થા વગેરે અંગે સરસ રીતે સમજાવવામાં આવ્યું છે.

આની મૂળ ગાથાઓ આમ છે –

बीए जोणिब्भूए जीवो वक्कमइ सो व अन्नो वा ।
जो वि य मूले जीवो सो वि य पत्ते पढमयाए ।।
सव्वो वि किसलओ खलु उग्गममाणो अणंतओ भणिओ ।
सो चेव विवड्ढंतो होइ परित्तो अणंतो वा ।।

આ ગાથાઓની વૃત્તિઓમાં થયેલી ચર્ચાનો સાર જોઈએ તો –

બીજ બે પ્રકારે હોય છે – એક યોનિઅવસ્થાવાળું અને બીજું અયોનિઅવસ્થાવાળું. જે બીજ ઊગવાની શક્તિવાળું હોય મતલબ કે જીવપરિણામે પરિણમવાની યોગ્યતાવાળું હોય તે બીજ યોનિઅવસ્થાવાળું કહેવાય

છે. જ્યારે જે બીજ ઊગવાની શક્તિથી રહિત હોય તે અયોનિઅવસ્થાવાળું ગણાય છે. આવું બીજ અવશ્ય અચેતન જ હોય છે. જ્યારે યોનિઅવસ્થાવાળું બીજ સચેતન અને અચેતન બન્ને અવસ્થામાં હોઇ શકે છે. પણ વિશિષ્ટ જ્ઞાન વગર કોઇ ચોક્કસ બીજ વિશે આ સચેતન છે અને આ અચેતન છે એવો નિર્ણય કરી શકાતો નથી. પણ તે ઊગવાની શક્તિવાળું હોય છે એટલી વાત તો ચોક્કસ.

બીજને ઉત્પન્ન કરનાર જીવ પોતાના આયુષ્યનો ક્ષય થવાથી તે બીજનો ત્યાગ કરે છે. પછી તે બીજને પાણી, કાળ અને વિશિષ્ટ પૃથ્વી વગેરેનો સંયોગ પ્રાપ્ત થતાં ક્યારેક તે જ પૂર્વનો બીજનો જીવ મૂલાદિસંબંધી નામગોત્ર કર્મને બાંધીને તે બીજમાં ઉત્પન્ન થાય છે અને મૂલાદિરૂપે પરિણત થાય છે. તો ક્યારેક કોઇ અન્ય પૃથિવીકાયાદિ જીવ ત્યાં આવીને મૂલરૂપે પરિણમે છે.

હવે નિયમ એવો છે કે જે જીવ મૂલરૂપે પરિણત થયેલો છે તે જ જીવ પ્રથમપત્રરૂપે પણ પરિણમે છે. માટે મૂલ ને પ્રથમપત્રનો કર્તા એક જ જીવ હોય છે.

પહેલાં બીજ, પછી મૂલ અને તેની ઉચ્છૂનાવસ્થા (જમીનમાંથી પ્રાગટ્ય), ત્યારબાદ કિસલયાવસ્થા અને ત્યારબાદ પ્રથમપત્ર – આવો ક્રમ છે.

હવે કિસલય તો નિયમા અનન્તકાય જ હોય છે. તેથી ક્રમ આવો થશે – પહેલાં બીજનો જીવ કે અન્ય જીવ બીજના મૂલપણે ઉત્પન્ન થઇને તેની ઉચ્છૂનાવસ્થા- વૃદ્ધિ કરે છે. ત્યારપછી અનન્ત જીવો તેમાં કિસલયાવસ્થા પ્રાપ્ત કરે છે, જેમાં એક જીવ તો મૂળનો જ હોય છે. પછી સ્થિતિનો ક્ષય થવાથી બીજા અનન્ત જીવોનું ચ્યવન થઇ જાય છે અને મૂલનો જીવ તે અનન્ત જીવોના શરીરને પોતાના શરીરરૂપે પરિણમાવીને પ્રથમપત્ર(-પાંદડા) સુધી આગળ વધે છે.

હવે અન્ય આચાર્યો મૂલની જે ઉચ્છૂનાવસ્થા છે તેને જ પ્રથમપત્ર ગણે છે. તેથી તેમના મતે કિસલયાવસ્થા પછી જે પ્રથમપત્ર પ્રગટે છે તેમાં મૂલનો જીવ હોય જ તેવો એકાંત નિયમ નથી. તેથી આનું તાત્પર્ય એવું થશે કે મૂલ અને ઉચ્છૂનાવસ્થા બન્ને એક જ જીવ વડે અવશ્ય પરિણમાવેલાં હોય છે. બાકીનાં કિસલયાદિનો આવિર્ભાવ મૂલના જીવના પરિણામથી જ થાય તેવો નિયમ નથી.

મતલબ કે પ્રથમ મતે કિસલયમાં જે અનન્ત જીવો હોય છે તેમાં એક જીવ મૂલનો હોય જ તેવો નિયમ છે અને ત્યારબાદ જે પ્રથમપત્ર પ્રગટે તે પણ તે મૂલના જીવના પરિણામથી જ હોય છે. જ્યારે અન્યમતે મૂલનો જીવ કિસલયાવસ્થામાં હોય પણ ખરો અને ન પણ હોય.

બન્ને મતે કિસલયાવસ્થામાં કોઈપણ વનસ્પતિ સાધારણનિગોદ સ્વરૂપ જ હોય છે. પછી આગળ વધતાં જો તે વનસ્પતિ સાધારણકાયની હોય તો તેમાં અનન્ત જીવો રહે, જેમાં પ્રથમ મતે એક જીવ અવશ્યપણે મૂલનો હોય. અને જો તે વનસ્પતિ પ્રત્યેક વનસ્પતિ હોય તો તેમાંથી અનન્ત જીવો ચ્યવી જાય અને પ્રથમ મતે મૂલનો જીવ અને અન્ય મતે એ અનન્ત જીવોમાંથી કોઇપણ એક જીવ તે અનન્ત જીવોના શરીરને પોતાના શરીરરૂપે પરિણમાવીને આગળ વધે. આ કિસલયાવસ્થાનો કાળ એક અન્તર્મુહૂર્તનો હોય છે.

સંક્ષેપમાં જોઈએ તો – પ્રથમ મતે – ૧. મૂલ (બીજનો જીવ કે અન્ય જીવ) → ૨. ઉચ્છૂનાવસ્થા → ૩. કિસલયાવસ્થા (અનન્તકાય, મૂલજીવનો સદ્ભાવ) → ૪. અનન્તકાયનાશ (મૂલજીવનો સદ્ભાવ) → ૫. પ્રથમ પત્ર (અવશ્ય મૂલજીવ)

બીજા મતે – ૧. મૂલ (બીજનો જીવ કે અન્ય જીવ) → ૨. ઉચ્છૂનાવસ્થા (અવશ્ય મૂલજીવ) → ૩. કિસલયાવસ્થા (અનન્તકાય) → ૪. અનન્તકાયનાશ → ૫. પ્રથમ પત્ર (કોઈપણ જીવ)

બન્ને મતે સાધારણ વનસ્પતિકાયમાં કિસલયાવસ્થા પછી અનન્તકાયનો નાશ થતો નથી.

**- મુનિ શ્રીકુમુદચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

## कहावली : એક બહુમૂલ્ય પ્રાચીન કથાધન

હમણાં પૂજ્ય પંન્યાસપ્રવર *શ્રીકલ્યાણકીર્તિવિજયજી* (શ્રીનેમિસૂરિજી-સમુદાય) દ્વારા *કહાવલી* ગ્રંથનો ઉપલબ્ધ પ્રથમ પરિચ્છેદ સંપાદિત થઈને બે ભાગમાં પ્રગટ થયો. (પ્રકા. – *હેમચંદ્રાચાર્ય શિક્ષણનિધિ* - અમદાવાદ) જૈન કથાસાહિત્યના સંશોધકો માટે આ એક બહુમૂલ્ય સાધન છે. જૈન સાહિત્યના પ્રત્યેક અભ્યાસીએ આ ગ્રંથનું વાચન-અવલોકન કરવા જેવું છે. આમાં ઋષભદેવ ભગવાનથી આરંભીને *શ્રીહરિભદ્રસૂરિજી* સુધીના મહાપુરુષોનાં ચરિત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં જોવા મળતા અને અન્ય ગ્રંથોમાં બહુ ઓછા પ્રમાણમાં જોવા મળતા કેટલાક મુદ્દાની સામાન્ય નોંધ –

→ ભગવાનને કેશ, રોમ, નખ વગેરે કેવલજ્ઞાનથી પૂર્વે અવસ્થિત રહેતાં નથી, પણ કેવલજ્ઞાન પછી જ અવસ્થિત રહે છે –

नहकेसादि जिणाणं केवलकालादवट्ठियाणेव ।<br>
सक्काइट्ठा देवा कुणंति जह तेसिमुच्चियाणि ।। (ભાગ-૧,પૃષ્ઠ-૩૦)

→ આ ગ્રંથમાં બે અલગ-અલગ રામાયણ આવેલી છે. તેમાંની એકનો મૂળ સ્રોત *પઉમચરિયં* તથા બીજી સંક્ષિપ્ત રામાયણનો સ્રોત *વસુદેવહિંડી* લાગે છે. બન્નેમાં ઘણી બાબતે તફાવત છે.

→ કૃષ્ણ વાસુદેવના પિતા વસુદેવની પત્ની રોહિણી અને તેણીના જ પુત્ર બલરામ વચ્ચે ખરાબ સંબંધોની લોકોમાં વાતો થાય છે. અને રોહિણી યમુનામાં પડીને શુદ્ધ થાય છે. (ભાગ-૧,પૃષ્ઠ-૨૯૨)

→ કૃષ્ણ વાસુદેવના ચરિત્રમાં કાલિયનાગના દમનની વાત છે. (ભાગ-૧,પૃષ્ઠ-૨૯૨)

→ યક્ષ અને યુધિષ્ઠિર વચ્ચે કલિકાલના નવ ભાવો અંગે ચર્ચા થાય છે. (ભાગ-૧,પૃષ્ઠ-૩૬૮)

→ પ્રચલિત માન્યતા પ્રમાણે પ્રભુ વીરે અપાપાપુરીના પ્રથમ સમવસરણમાં જ ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરી હતી અને ત્યાં જ ચંદનબાલાને દીક્ષા આપી હતી. જ્યારે *કહાવલી* ના વર્ણન પ્રમાણે ભગવાન કૌશાંબી વિહાર કરીને આવ્યા પછી ચંદનબાલાને દીક્ષા આપે છે. (ભાગ-૨,પૃષ્ઠ-૫૯)

→ પ્રચલિત માન્યતા પ્રમાણે મેતારજ મુનિ સોનીના ઉપદ્રવ વખતે તે જ સ્થળે કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે પધાર્યા છે. જ્યારે અહીં વાત એવી છે કે મુનિ ત્યાંથી નીકળી શિલાખંડ પર પાદપોપગમન અણસણ કરે છે. (ભાગ-૨,પૃષ્ઠ-૧૬૪)

→ સત્યકીએ નાનપણમાં દીક્ષા લીધી અને ૧૦ પૂર્વ સુધીનું સાંભળીને અવધારણ કર્યું અને ત્યારબાદ દીક્ષા છોડી. (ભાગ-૨,પૃષ્ઠ-૨૧૩)

→ ભગવાને ગૌતમસ્વામીને અંતિમ સમયે ચંપાનગરીમાં સુભદ્રા શ્રાવિકાને ત્યાં મોકલેલા અને રસ્તામાં દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધ પમાડવા માટે જવાનું કહેલું. (ભાગ-૨,પૃષ્ઠ-૨૫૭)

→ છટ્ઠા આરામાં સમ્યગ્દૃષ્ટિ જીવો હોઈ શકે પણ તે મોટા આશ્ચર્ય સમાન છે. (ભાગ-૨,પૃષ્ઠ-૨૬૦)

→ ગોષ્ઠામાહિલને ૧૨ પ્રકારે સંઘબહાર કરાયેલા. તે બાર પ્રકારો પણ અહીં જણાવાયા છે. (ભાગ-૨,પૃષ્ઠ-૩૨૦)

→ પાદલિપ્તસૂરિજીની આઠ વર્ષની ઉંમરે જ આચાર્યપદવી થઈ હતી. (ભાગ-૨,પૃષ્ઠ-૩૨૭)

→ *દ્વાદશારનયચક્ર* ના બારે આરાઓના પ્રારંભ અને પર્યંતમાં જિનપૂજા, ચૈત્યપૂજા અને સંઘપૂજા દ્વારા અવગાહન કરવાનું પૂર્વપુરુષોનું વિધાન હતું. (ભાગ-૨,પૃષ્ઠ-૩૩૯)

– **મુનિ શ્રીશુક્લધ્યાનવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)

* * *

# ચારણ ભગવંતોની ગતિ

મહોપાધ્યાયશ્રી *યશોવિજયજી* વિરચિત *પ્રતિમાશતક* ગ્રંથના શ્લોક ક્ર. ૫ ની વૃત્તિમાં વિદ્યાચારણ અને જંઘાચારણ મુનિવરો અંગે રસપ્રદ ચર્ચા જાણવા મળે છે. ત્યાં આ મુનિવરો વિશે જણાવ્યું છે કે –

चारणं- गमनमतिशयवशादाकाशे एषामस्तीति चारणाः । विज्जाचारण त्ति विद्या- श्रुतं, तच्च पूर्वगतं, तत्कृतोपकाराश्चारणा विद्याचारणाः । जंघाचारण त्ति जङ्घाव्यापार-कृतोपकाराश्चारणा जङ्घाचारणाः ।

જંઘાચારણની ગતિ –

एगुप्पाएण तओ रुयगवरंमि उ तओ पडिनियत्ती ।<br>
बीएण नंदीसरमिहं तओ एइ तइएणं ।।<br>
पढमेणं पंडगवणं बीउप्पाएण णंदणं एइ ।<br>
तइउप्पाएण तओ इह जंघाचारणो एइ ।।

અર્થ – જંઘાચારણ ભગવંતો એક ઉત્પાતથી રુચકવર દ્વીપ પર જાય છે. અને ત્યાંથી પાછા ફરતાં બીજા ઉત્પાતે નંદીશ્વરદ્વીપ પર અને ત્રીજા ઉત્પાતે અહીં આવે છે. તથા (મેરુપર્વતની યાત્રા કરતાં) પ્રથમ ઉત્પાતથી પંડકવનમાં જાય છે. પાછા ફરતાં બીજા ઉત્પાતથી નંદનવનમાં અને ત્રીજા ઉત્પાતથી અહીં પરત આવે છે.

વિદ્યાચારણની ગતિ –

पढमेणं माणुसोत्तरनगं स नंदीसरं बिइएणं ।<br>
एइ तओ तइएणं कयचेइयवंदणो इहयं ।।<br>
पढमेणं नंदणवणं बीउप्पाएणं पंडगवणंमि ।<br>
एइ इहं तइएणं जे विज्जाचारणो होइ ।।

અર્થ – વિદ્યાચારણ ભગવંતો પ્રથમ ઉત્પાતથી માનુષોત્તર પર્વત પર અને બીજા ઉત્પાતથી નંદીશ્વર દ્વીપ પર જાય છે. અને ત્યાંથી પાછા ફરતાં ત્રીજા ઉત્પાતે અહીં આવે છે. તથા (મેરુપર્વતની યાત્રા કરતાં) પ્રથમ ઉત્પાતથી નંદનવનમાં જાય છે. બીજા ઉત્પાતથી પંડકવન પર પહોંચે છે. અને પાછા ફરતાં ત્રીજા ઉત્પાતથી અહીં પરત આવે છે.

અહીં એક પ્રશ્ન થાય કે બે ચારણ ભગવંતોની ગતિમાં આવો તફાવત કેમ થાય છે? આનું સમાધાન ત્યાં એમ અપાયું છે કે આમાં લબ્ધિનો તથાપ્રકારનો સ્વભાવ જ કારણભૂત છે. વિદ્યાનું વારંવાર થતું પારાયણ વિદ્યાને વધુ સામર્થ્યવાન બનાવે છે. વિદ્યાચારણ ભગવંતોને જતી વખતે વિદ્યાનું પારાયણ ઓછું હોવાથી સામર્થ્ય પણ ઓછું જ હોય છે. તેથી બે ઉત્પાત કરવા પડે છે. પણ પાછા ફરતી વખતે વિદ્યાનું પારાયણ વધવાથી વિદ્યા વધુ સ્પષ્ટ અને વધુ સામર્થ્યવાન બને છે. તેથી એક જ ઉત્પાતે પરત આવી શકાય છે.

જંઘાચારણ ભગવંતોની બાબતમાં આથી ઉલટું છે. લબ્ધિનો ઉપયોગ જેટલો વધારે થાય તેટલું લબ્ધિની શક્તિ ઘટે. જંઘાચારણ લબ્ધિધરોને પ્રથમવારના લબ્ધિના પ્રયોગમાં સામર્થ્ય વધુ હોવાથી તેઓ જતી વખતે એક જ ઉત્પાતથી ગમન કરે છે. પણ આવતી વખતે ફરીવાર લબ્ધિનો ઉપયોગ કરવાથી સામર્થ્ય ઘટે છે. તેથી તેઓને આવતી વખતે બે ઉત્પાત કરવા પડે છે.

**- મુનિ શ્રીહેમહર્ષવિજયજી** (શ્રીનીતિસૂરિજી-સમુદાય)

* * *

# વિશેષાવશ્યકભાષ્ય અને આવશ્યકચૂર્ણિમાં પ્રરૂપણાભેદ

*શ્રીઆવશ્યકસૂત્ર* પર ઉપલબ્ધ થતાં વિવરણોમાં સૌથી પ્રાચીન વિવરણ તરીકે *વિશેષાવશ્યકભાષ્ય* અને *આવશ્યકચૂર્ણિ* ની પ્રતિષ્ઠા છે. *વિશેષાવશ્યકભાષ્ય* ના કર્તા *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* છે અને *આવશ્યકચૂર્ણિ* ના કર્તા *શ્રીજિનદાસગણિ મહત્તર* છે.

*શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* નાં *વિશેષાવશ્યકભાષ્ય* આદિ શાસ્ત્રોનો ઉપયોગ *શ્રીજિનદાસગણિ મહત્તર* ની *ચૂર્ણિઓ* માં થયો હોવાથી *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ શ્રીજિનદાસગણિ મહત્તર* કરતાં પ્રાચીન છે તેવું સિદ્ધ થાય છે. *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* નો સમય વિવિધ ઉલ્લેખોના આધારે વિ.સં. ૬૫૦ ની આસપાસ નિશ્ચિત થયેલો છે.[1] જ્યારે ઉપરોક્ત હકીકતના આધારે *શ્રીજિનદાસગણિ મહત્તર* નો સમય વિ.સં. ૬૫૦ થી ૭૫૦ સુધી માનવો જોઈએ એવો વિદ્વાનોનો અભિમત છે.[2]

*આવશ્યકચૂર્ણિ* માં કેટલીક પ્રરૂપણાઓ એવી પ્રાપ્ત થાય છે કે જેનું ખંડન *વિશેષાવશ્યકભાષ્ય* માં કરવામાં આવ્યું છે. જો કે *વિશેષાવશ્યકભાષ્ય* ની રચના પછી જ *આવશ્યકચૂર્ણિ* ની રચના થઈ છે તે વાતને પ્રમાણ માનીએ તો એમ કહેવું વધુ યોગ્ય ગણાશે કે જે અર્થપરંપરાના આધારે *આવશ્યકચૂર્ણિ* ની રચના થઈ છે તે અર્થપરંપરાની માન્યતાઓનું ખંડન *વિશેષાવશ્યકભાષ્ય* માં કરવામાં આવ્યું છે.

*વિશેષાવશ્યકભાષ્ય* માં તે અર્થપરંપરાગત માન્યતાઓનું ખંડન કરતી વખતે ક્યાંક ક્યાંક જે પાઠોનું ઉદ્ધરણ થયું છે તેવા જ પાઠો *ચૂર્ણિ* માં પણ પ્રાપ્ત થાય છે. તેથી *આવશ્યકચૂર્ણિ* માં થયેલી પ્રરૂપણાઓનો આધારભૂત કોઈક પ્રાચીન ગ્રંથ હોવો જોઈએ. તે ગ્રંથ વર્તમાનમાં અપ્રાપ્ત *મૂલાવશ્યકચૂર્ણિ* હોઈ શકે અથવા અન્ય કોઈ ગ્રંથ પણ હોઈ શકે. પરંતુ એટલું નિશ્ચિત છે કે *વિશેષાવશ્યકભાષ્ય* માં જે ગ્રંથના આધારે ખંડન થયું છે તે ગ્રંથ વર્તમાનમાં અપ્રાપ્ય છે અને *આવશ્યકચૂર્ણિ* તે જ અર્થપરંપરાનો ગ્રંથ છે.

જો કે *આવશ્યકચૂર્ણિ શ્રીજિનદાસગણિ મહત્તર* દ્વારા રચાઈ છે તે વાત આગમપ્રભાકર મુનિ *શ્રીપુણ્યવિજયજી* ને સંમત નથી. તેઓ જણાવે છે કે –

आवश्यकचूर्णि के प्रणेता का नाम चूर्णि की कोई प्रति में प्राप्त नहि है । श्रीसागरानन्दसूरि महाराज ने अपने सम्पादन में इसको जिनदासगणि महत्तर कृत बतलाई है । प्रतीत होता है कि आपका यह निर्देश श्रीधर्मसागरोपाध्याय कृत तपागच्छीयपट्टावली के उल्लेख को देखकर है, किन्तु वास्तव में यह सत्य नहीं है । अगर इसके प्रणेता जिनदासगणि होते तो आप इस प्रासादभूत महती चूर्णि में जिनभद्रगणि के नाम का या विशेषावश्यकभाष्य की गाथाओं का जरूर उल्लेख करते । मुझे तो यही प्रतीत होता है कि इस चूर्णि की रचना जिनभद्रगणि के पूर्व की और नन्दीसूत्ररचना के बाद की है ।[3]

આમ મુનિ શ્રીપુણ્યવિજયજી તો *ચૂર્ણિ* ને ભાષ્ય કરતાં પૂર્વની રચના માને છે. તેથી – આ મતના આધારે – ભાષ્યમાં સાક્ષાત્ ચૂર્ણિનું જ ખંડન થયું છે તેમ માનવામાં કોઈ વાંધો નથી.

વાસ્તવમાં *આવશ્યકચૂર્ણિ* કરતાં *વિશેષાવશ્યકભાષ્ય* ને એટલે પ્રાચીન ગણવામાં આવે છે કે *ભાષ્ય* ની ગાથાઓનો પ્રયોગ ક્યાંક ક્યાંક *ચૂર્ણિ* માં દેખાય છે. પણ આ વાતને એમ પણ વિચારી જ શકાય કે તે ગાથાઓ – જેનો પ્રયોગ *ચૂર્ણિ* માં થયો છે તે - કોઈક પ્રાચીન સ્રોતની ગાથાઓ હોય અને *ભાષ્યકાર* તેમ જ *ચૂર્ણિકાર* બન્ને ભગવંતોએ એક સમાન સ્રોતમાંથી એકસરખી ગાથાઓનું ગ્રહણ કર્યું હોય.

આમ માનવાનું એટલે મન થાય છે કે જો *ભાષ્ય* માંથી *ચૂર્ણિકાર* ભગવંતે ગાથાઓ લીધી હોય તો એનો સીધો મતલબ એ જ થાય કે તેઓ *ભાષ્ય* થી પરિચિત છે. અને તો *ભાષ્ય* માં વ્યવસ્થિત રીતે ખંડન કરાયેલા



[1] *જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ* – ભાગ-૩, પ્રાસ્તાવિક પૃષ્ઠ-૧૧

[2] *જૈન સાહિત્યનો બૃહદ્ ઇતિહાસ* – ભાગ-૩, પ્રાસ્તાવિક પૃષ્ઠ-૨૮

[3] નન્દીસૂત્રચૂર્ણિ-પ્રસ્તાવના, સં. મુનિ શ્રીપુણ્યવિજયજી

સિદ્ધાંતોને *ચૂર્ણિકાર* ભગવંત આટલી સહજતા અને સરળતાથી – સાવ તર્કરહિત કહી શકાય તે રીતે – પોતાના ગ્રંથમાં સ્થાન ન જ આપે.

વળી, बुद्धिदिट्ठे अत्थे भासइ ગાથા *ભાષ્ય* અને *ચૂર્ણિ* બન્નેમાં છે. *ભાષ્યકાર* ભગવંતે આ ગાથા કોઈક અન્ય આધારમાંથી લીધી છે તેવી સ્પષ્ટતા કરી નથી. જાણે આ ગાથા સ્વયં પોતાની જ રચના હોય તેમ મૂકી છે. અને છતાં આ ગાથાઓની વૃત્તિઓમાં આ ગાથા પૂર્વગત છે તેવો ઉલ્લેખ છે. આવું જ બીજી ગાથાઓના સંદર્ભમાં પણ સમજી શકાય. મતલબ કે સમાન ગાથાઓના આધારમાત્રથી *ભાષ્ય* કરતાં *ચૂર્ણિ* અર્વાચીન છે તેવો નિર્ણય કરી ન શકાય.

અલબત્ત, જો ચૂર્ણિકારે ક્યાંક *ભાષ્યકાર*ના નામનો ઉલ્લેખ કર્યો હોય તો અવશ્ય તેમને પરવર્તી માનવા પડે. પણ આવો સાક્ષાત્ ઉલ્લેખ ક્યાંય મળે છે કે નહીં તે તપાસનો વિષય છે.

હવે આપણે બન્ને ગ્રંથોમાં મળતી કેટલીક ભિન્ન પ્રરૂપણાઓ પર દૃષ્ટિપાત કરીશું .

*

૧. <u>પૂર્વગત ગાથા સંબંધી અર્થભેદ</u>

*શ્રીજિનદાસગણિ મહત્તરે* મતિ-શ્રુતના અભેદની ચર્ચામાં એક પૂર્વગત ગાથા[4] ઉદ્ધૃત કરી છે તથા તેની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે –

बुद्धिदिट्ठे अत्थे जे भासति तं सुतं मतीसहियं ।
इयरत्थ वि होज्ज सुतं उवलद्धिसमं जदि भणिज्जा ।।

*ચૂર્ણિ* – जे बुद्धीए दिट्ठे अत्थे भासति तं सुतं मतिसहितं भण्णति, मतिसहितं नाम मतिसहितं ति वा मतिअणुगयं ति वा एगट्ठा, इयरत्थ वि- आहिणिबोहियणाणं सुतं हविज्जा जदि उवलद्धिमेत्तमेव अत्थं भासेज्जा, अहवा उवलद्धिसमं णाम जे उवलद्धा अत्था जे जति सक्केज्जा भासेउं तं सुतं भवति ।।[5]

આ વ્યાખ્યાને અયોગ્ય ઠેરવતાં *શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણ* કહે છે કે જો માત્ર બુદ્ધિ(-મતિ)દૃષ્ટ અર્થોને મતિસહિત બોલવાથી તે શ્રુત થતું હોય, તો ભાવશ્રુત છે શું? શું મતિ એ ભાવશ્રુત છે? શબ્દ ભાવશ્રુત છે? કે પછી બન્નેનો સરવાળો ભાવશ્રુત છે? આમાંથી કોઈપણ પક્ષ અયોગ્ય છે. કારણ કે મતિ તો શ્રુતથી સર્વથા ભિન્ન છે. શબ્દ તો દ્રવ્યશ્રુતસ્વરૂપે માનવામાં આવ્યો છે. તથા બન્નેનો સરવાળો પણ ભાવશ્રુત ન થાય. કારણ કે રેતીના એક કણિયામાં તેલ ન હોય તો સમુદિત રેતીકણોમાંથી પણ તેલ ન જ નીકળે.[6]

વળી, ઈતરત્ર- મતિજ્ઞાનમાં પણ શ્રુત થાય, તો તે શ્રુત કેવી રીતે થાય? અથવા શ્રુત તે મતિ કેવી રીતે થઈ શકે?[7]

આ રીતે *ચૂર્ણિકાર* નિર્દિષ્ટ અર્થને અયોગ્ય ઠેરવ્યા પછી *ભાષ્યકાર* ભગવંત કહે છે કે અહીં 'બુદ્ધિ'નો અર્થ 'શ્રુતરૂપ બુદ્ધિ' કરવાનો છે અને 'ઈતરત્ર'નો અર્થ 'ભાવશ્રુત' કરવાનો છે એટલે સાચો અર્થ આ પ્રમાણે થશે – શ્રુતરૂપ બુદ્ધિથી દૃષ્ટ ભાવોમાંથી જે ભાવો ઉપયોગસહિત બોલાય તે ઉભયશ્રુત છે અને તે જ ભાવો ઉપયોગરહિત બોલાય તો તે દ્રવ્યશ્રુત છે. અને જો ઉપલબ્ધિસમાન બોલાય તો ઈતરત્ર- ભાવશ્રુતમાં પણ દ્રવ્યશ્રુત અને ઉભયશ્રુત થાય.[8]



[4] આ ગાથા પૂર્વગત છે તેવો *વિશેષાવશ્યકભાષ્ય* ની *કોટ્યાચાર્ય* અને *મલધારી હેમચંદ્રસૂરિજી* ની વૃત્તિઓમાં સ્પષ્ટ ઉલ્લેખ છે.

[5] *આવશ્યકચૂર્ણિ* - પૃષ્ઠ-૯

[6] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૩૨,૧૩૩

[7] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૩૫

[8] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૨૯,૧૩૦

૨. <u>મતિ-શ્રુતનો વલ્ક-શુંબથી ભેદ</u>

મતિ-શ્રુતની ભેદચર્ચાના અધિકારમાં *ચૂર્ણિકાર* ભગવંતે વલ્ક-શુંબના દૃષ્ટાંતથી મતિ અને શ્રુતનો ભેદ બતાવવાનો પ્રયત્ન કર્યો છે –

अहवा इमो विसेसो फुडो चेव – जे अभिनिबुद्धे अत्थे ण ताव भासति तं आभिणिबोहियणाणं भण्णति, तं चेव भासितुं पवत्तो ततो सुयणाणं भवति । एत्थ सुंब-वलगदिट्ठंतो । जारिसगा वलगा तारिसं आभिणिबोहितं, जारिसयं सुंबं तारिसं सुतं । एवं जाव परिण्णाता अत्था ण भासति ताव आभिणिबोहियं भण्णति, जाहे भासिउं पवत्तो ताहे सुतं भण्णति ।।[9]

પાઠને વાંચવાથી જ સ્પષ્ટ થાય છે કે *ચૂર્ણિકાર* ભગવંતે જ્યાં સુધી વ્યક્તિ જાણેલા અર્થને બોલે નહીં, ત્યાં સુધી 'મતિ' અને જ્યારે જાણેલા અર્થને કહેવામાં પ્રવૃત્ત થાય ત્યારે તે 'શ્રુત' – આ પ્રમાણે પ્રરૂપણા કરી છે. અને તેના સમર્થનમાં 'શુંબ-વલગ'નું દૃષ્ટાંત આપતાં કહ્યું છે કે વલ્ક એટલે છાલ સરખું મતિજ્ઞાન છે અને શુંબ એટલે દોરડા સરખું શ્રુતજ્ઞાન છે. આશય એ છે કે છાલ ન વણાય ત્યાં સુધી છાલ કહેવાય છે. અને વણાયા પછી છાલ જ દોરડાં બની જાય છે. તેમ જાણેલા અર્થને કહેવાય નહિ ત્યાં સુધી તે મતિજ્ઞાન છે અને તે મતિજ્ઞાન જ બોલાતું છતું શ્રુત થઈ જાય છે.

*ભાષ્યકાર* ભગવંત આ મતનું ખંડન કરતાં કહે છે કે આ દૃષ્ટાંત જેવી રીતે યોજવામાં આવ્યું છે તે યોગ્ય નથી. કારણ કે મતિજ્ઞાનમાં માત્ર શબ્દ- વ્યંજનાક્ષરનો ઉમેરો થતાં તે શ્રુત થઈ જાય, તો ભાવશ્રુત- લબ્ધ્યક્ષરનો જ અભાવ થાય.[10]

અહીં પૂર્વપક્ષ કહે છે કે અમે તો મતિજ્ઞાન અને દ્રવ્યશ્રુત(-વ્યંજનાક્ષર)નો ભેદ બતાવવા પૂરતું જ આ દૃષ્ટાંત આપ્યું છે.[11] તેના ઉત્તરમાં ગ્રંથકાર કહે છે કે તે પણ બે રીતે ઘટી શકતું નથી. એક – અહીં મતિજ્ઞાન અને દ્રવ્યશ્રુતનો ભેદ બતાવવાનો અધિકાર જ નથી. બે – છાલ પોતે જ જેમ દોરડારૂપે બની જાય છે તેમ મતિજ્ઞાન ક્યારેય ધ્વનિ(-વ્યંજનાક્ષર) રૂપે પરિણત થતું નથી. આથી તે સ્થળે પણ આ દૃષ્ટાંત ઘટી શકે નહીં.[12]

અહીં પૂર્વપક્ષ કહે છે કે જે જેનાથી ઉત્પન્ન થયું હોય તે તેનાથી ભિન્ન હોવા છતાં તન્મય કહેવાય છે. જેમ વ્યવહારમાં કોઈ વચનને કારણે વિપાક થયો હોય ત્યાં 'તે વચન આટલા વિપાકને પામ્યું' આવું બોલાય છે. આ નિયમના આધારે મતિજ્ઞાનથી ઉત્પન્ન થયેલા વચનમાં અમે તન્મયતાનો ઉપચાર કરીને મતિજ્ઞાન અને દ્રવ્યશ્રુતનો ભેદ આ દૃષ્ટાંત દ્વારા સિદ્ધ કરીશું.[13]

પ્રસ્તુત વાતનો ઉત્તર આપતાં *ભાષ્યકાર* કહે છે કે આ રીતે ઉપચારથી ભેદ માનવામાં આવે તો તે પણ યુક્તિ વિનાનું છે. કારણ કે આગમમાં મતિપૂર્વક ભાવશ્રુત કહ્યું છે. તેથી ઉપચાર વિના જ મતિને વલ્કસમાન અને ભાવશ્રુતને શુંબસમાન માનીને આ દૃષ્ટાંતનો ઉપનય કરવો જોઈએ. તે આ પ્રમાણે – જેમ છાલ દોરડાનું કારણ છે તેમ મતિ પણ ભાવશ્રુતનું કારણ છે. અને દોરડું જેમ છાલનું કાર્ય છે તેમ ભાવશ્રુત પણ મતિનું કાર્ય છે.[14]

છેલ્લે *ભાષ્યકાર* કહે છે કે આ રીતે જ આ દૃષ્ટાંતથી મતિ-શ્રુતનો ભેદ ઘટે છે. પણ અન્ય આચાર્યોના કહેવા પ્રમાણે ઘટતો નથી.

પૂજ્ય *મલયગિરિજી* મહારાજ પણ મતિ અને શ્રુતમાં વલ્ક અને શુંબના દૃષ્ટાંતથી આ રીતે ભેદ બતાવે છે –



---

[9] *આવશ્યકચૂર્ણિ* - પૃષ્ઠ-૯

[10] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૫૪,૧૫૫

[11] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૫૭

[12] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૫૮,૧૫૯

[13] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૬૦

[14] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૬૧

तथा वल्कसमं मतिज्ञानं, कारणत्वात्, शुम्बसमं श्रुतज्ञानं, तत्कार्यत्वात्, ततो यथा वल्कशुम्बयोर्भेदः तथा मति-श्रुतयोरपि ।।[15]

તેમના આ શબ્દો *ભાષ્યકાર* ભગવંતને જ અનુસરે છે.

૩. <u>મતિ-શ્રુતનો અક્ષર-અનક્ષરથી ભેદ</u>

અક્ષર અને અનક્ષરથી મતિ અને શ્રુતમાં ભેદ દર્શાવતા *ચૂર્ણિકાર* ભગવંત કહે છે કે –

अहवा अणक्खरं आभिणिबोहितं, सुयं अक्खरं वा होज्ज अणक्खरं वा, एस विसेसो ।।[16]

આ પ્રરૂપણામાં ક્ષતિ બતાવતા *ભાષ્યકાર* ભગવંત કહે છે કે જો મતિ અનક્ષર(-અક્ષરાભિલાપ-રહિત) જ હોય તો નિરભિલાપ્ય હોવાથી સ્થાણુ આદિ વસ્તુમાં ઈહા કેવી રીતે પ્રવર્તશે? અને જો તે ઈહા શ્રુતના વ્યાપારથી થાય છે તો તે સિવાય મતિ શું છે?[17]

આ વિષયની વિસ્તૃત ચર્ચા[18] કરીને *ભાષ્યકાર* ભગવંત મતિ-શ્રુતનો અક્ષર-અનક્ષર આધારિત ભેદ કેવી રીતે કરવો તે બતાવતા કહે છે કે ભાવાક્ષરની અપેક્ષાએ મતિજ્ઞાન સાક્ષર અને અનક્ષર બન્ને છે. કારણ કે મતિજ્ઞાનગત અવગ્રહમાં ભાવાક્ષર નથી તેથી તે અનક્ષર છે અને ઈહા વિગેરેમાં ભાવાક્ષર છે તેથી તે સાક્ષર છે. દ્રવ્યાક્ષર અને વ્યંજનાક્ષરની અપેક્ષાએ તો મતિજ્ઞાન અનક્ષર જ છે.

વળી, દ્રવ્ય અને ભાવ – બન્ને શ્રુત સાક્ષર અને અનક્ષર એમ બન્ને પ્રકારે છે. ઉચ્છ્વાસ આદિ અનક્ષર દ્રવ્યશ્રુત છે. પુસ્તકાદિમાં લખેલું તથા શબ્દોચ્ચારસ્વરૂપ દ્રવ્યશ્રુત સાક્ષર છે. તથા ભાવશ્રુત શ્રુતાનુસારી અકારાદિ વર્ણવિજ્ઞાનરૂપ હોવાથી સાક્ષર છે. તથા શબ્દ(-વ્યંજનાક્ષર) તથા લખેલા અક્ષર(-દ્રવ્યાક્ષર)થી રહિત હોવાથી અનક્ષર છે.[19]

આ સ્થળે *મલયગિરિજી* મહારાજ મતિ-શ્રુતનો અક્ષર-અનક્ષરથી ભેદ બતાવતા કહે છે કે –

इतश्च भेदो – मतिज्ञानमनक्षरं साक्षरं च । तथा हि – अवग्रहज्ञानमनक्षरं तस्याऽनिर्देश्य-सामान्यमात्रप्रतिभासात्मकतया निर्विकल्पत्वात् । ईहादिज्ञानं तु साक्षरं, तस्य परामर्शादि-रूपतयाऽवश्यं वर्णारूषितत्वात् । श्रुतज्ञानं पुनः साक्षरमेव, अक्षरमन्तरेण शब्दार्थपर्यालोचनायोगात् ।।[20]

અહીં મતિજ્ઞાન વિશે તેમનું નિરૂપણ *ભાષ્યકાર* ભગવંત સાથે સમાનતા ધરાવે છે. અને *ચૂર્ણિકાર* ભગવંતથી વિપરીત છે. જ્યારે શ્રુતજ્ઞાનને તેઓ સાક્ષર જ માને છે. તેની સામે *ચૂર્ણિકાર* અને *ભાષ્યકાર* ભગવંત વ્યંજનાક્ષર અને દ્રવ્યાક્ષરની અપેક્ષાએ અનક્ષરશ્રુત પણ માને છે. (જો કે તેમાં તો અપેક્ષાની વિવિધતા જ કારણ જણાય છે.)

૪. <u>શ્રુતજ્ઞાની પોતાના વિષયોને જાણે કે જુએ?</u>

શ્રુતજ્ઞાનની વિષયમર્યાદાને દર્શાવતા *ચૂર્ણિકાર* ભગવંત કહે છે કે શ્રુતજ્ઞાની ઉપયુક્ત થયો છતો સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે છે અને જુએ છે. અને જેઓ એમ જણાવે છે કે શ્રુતજ્ઞાની સર્વ દ્રવ્યાદિને જાણે



[15] *આવશ્યકસૂત્ર, મલયગિરિ* વૃત્તિ – પૃષ્ઠ-૨૨(અ)

[16] *આવશ્યકચૂર્ણિ* - પૃષ્ઠ-૯

[17] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૬૩,૧૬૪

[18] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૬૫ થી ૧૬૯

[19] *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૧૭૦

[20] *આવશ્યકસૂત્ર, મલયગિરિ* વૃત્તિ – પૃષ્ઠ-૨૨(અ)

છે પણ જોતાં નથી તેમની વાત અયોગ્ય છે. કારણ કે શ્રુતજ્ઞાની દ્વીપ-સમુદ્ર આદિના સંસ્થાન આદિને જાણતો અને જોતો હોય તેવી રીતે જ આલેખન કરી શકે છે. તેથી 'જુએ છે' આ પાઠ વિરુદ્ધ નથી.[21]

આ પ્રસંગમાં *ભાષ્યકાર* ભગવંત સ્પષ્ટ વિધાન કરે છે કે શ્રુતજ્ઞાની સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને જાણે પણ જુએ નહીં.[22] અને તેના સમર્થનમાં *નંદીસૂત્ર* નો પાઠ પણ આપે છે.[23]

*ચૂર્ણિકાર* ભગવંત શિષ્યપ્રશ્ન તરીકે વિરોધીપક્ષનો એક સરસ તર્ક આપે છે. શિષ્ય કહે છે – જે એમ કહે છે કે શ્રુતજ્ઞાની સર્વ દ્રવ્યાદિને જાણે છે પણ જોતા નથી તે સાચું જ છે ને વળી! કારણ કે શ્રુતજ્ઞાનમાં કહેલા અર્થો પ્રત્યક્ષથી ગ્રહણ ક્યાં થાય જ છે ?

આવો પ્રબળ તર્ક શિષ્યપ્રશ્ન તરીકે રજૂ કર્યા પછી *ચૂર્ણિકાર* ભગવંત દ્વીપ-સમુદ્ર આદિના આલિખિત ચિત્રની વાત દ્વારા पासइને સિદ્ધ કરે છે તે ખરેખર આશ્ચર્યજનક લાગે છે.

આ બાબતે *શ્રીહરિભદ્રસૂરિજી*[24] અને *શ્રીમલયગિરિજી* મહારાજ[25] – બન્ને પૂજ્યો *ભાષ્યકાર* ભગવંતને જ સમર્થન આપે છે.

૫. <u>અક્ષરોપલબ્ધિ કોને હોય?</u>

અક્ષરના સંજ્ઞાક્ષર(-લિપિસ્વરૂપ), વ્યંજનાક્ષર(-ધ્વનિસ્વરૂપ) અને લબ્ધ્યક્ષર(-બોધસ્વરૂપ) આ પ્રમાણે ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે.

તેમાં લબ્ધ્યક્ષરસ્વરૂપ અક્ષરલાભ કોને થાય તે બતાવતા *ચૂર્ણિકાર* ભગવંત કહે છે કે –

जो य एसो अक्खरोवलंभो इदाणिं चिंतितो एस पायेण सण्णीण जीवाण भवति, णो असण्णीण त्ति, कथं? असण्णिणो पंचेंदिया पासंता वि अत्थे घडपडादिणो णोऽभिजाणंति किमवि एयंति, तम्हा पायसो एसो लद्धिअक्खरलंभो सण्णीणं भवति, णो असण्णीणं ति ।।[26]

અર્થાત્ અસંજ્ઞી પંચેંદ્રિય જીવો ઘટ-પટાદિ અર્થોને જોવા છતાં 'આ શું છે' તે જાણી શકતા નથી. માટે અસંજ્ઞીને લબ્ધ્યક્ષરનો લાભ પ્રાયઃ હોતો નથી.

આ વિષયમાં *ભાષ્યકાર* ભગવંત કહે છે કે જેમ અસંજ્ઞીમાં ચૈતન્ય સ્વાભાવિક છે તેમ લબ્ધ્યક્ષરાત્મક ઓઘજ્ઞાન પણ તેમને હોય જ છે. પરંતુ તે અલ્પ હોવાથી એકેંદ્રિયના જીવત્વની જેમ જણાતું નથી. તથા જેમ નિરક્ષર એવી સંજ્ઞી જીવોને પણ વર્ણ(-અક્ષર)નું જ્ઞાન નહિ હોવા છતાં તેમને લબ્ધ્યક્ષરની સત્તા કહેવાય છે તેમ અસંજ્ઞી જીવોને પણ કંઇક લબ્ધ્યક્ષરનો લાભ હોય છે.[27] વળી, એકેંદ્રિયોને પણ સૂત્રમાં શ્રુતઅજ્ઞાન કહ્યું છે તેથી અસંજ્ઞી જીવોને પણ લબ્ધ્યક્ષરનો લાભ હોય છે તેવું સિદ્ધ થાય છે.[28]

આ બાબતે *શ્રીહરિભદ્રસૂરિજી* અને *શ્રીમલયગિરિજી* મહારાજે કોઇ ચર્ચા નથી કરી. પણ *શ્રીમલયગિરિજી* મહારાજે એક સ્થળે ભાષાલબ્ધિ અને શ્રોત્રેંદ્રિયલબ્ધિ વગરના એકેંદ્રિય જીવોને શ્રુત કઇ રીતે હોય આવી શંકાના સમાધાનમાં એકેંદ્રિયોને પણ આહારાદિ સંજ્ઞા હોવાના કારણે શ્રુત હોય જ છે આવું



---

21 *આવશ્યકચૂર્ણિ* - પૃષ્ઠ-૨૫

22 *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૫૫૩

23 दव्वओ णं सुयणाणी उवउत्तो सव्वदव्वाइं जाणइ न पासइ...

24 *આવશ્યકસૂત્ર, હારિભદ્રી* વૃત્તિ – ગાથા-૨૦

25 *આવશ્યકસૂત્ર, મલયગિરિ* વૃત્તિ – પૃષ્ઠ-૪૮(બ)

26 *આવશ્યકચૂર્ણિ* - પૃષ્ઠ-૨૮

27 *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૪૭૫,૪૭૬

28 *વિશેષાવશ્યકભાષ્ય* - ગાથા-૪૭૪ અને તેની વૃત્તિ

પ્રતિપાદન કર્યું છે.[29] આ પ્રતિપાદન દ્વારા અર્થાપત્તિથી અસંજ્ઞીને અક્ષરલાભ ન હોય એવી ચૂર્ણિગત પ્રરૂપણાનું પણ ખંડન થઈ જ જાય છે.

*

આ રીતે ઘણા પદાર્થો બાબતે ચૂર્ણિ અને ભાષ્યમાં મતભેદ પ્રવર્તે છે. *ભાષ્યકાર* ભગવંતે અનેક યુક્તિઓ પૂર્વક વિસ્તારથી સ્વમતનું સમર્થન કર્યું છે અને પરમતનું ખંડન કર્યું છે. જ્યારે *ચૂર્ણિકાર* ભગવંતે પોતાના મતના સમર્થનમાં યુક્તિઓ ખૂબ ઓછી આપી છે અને જે યુક્તિઓ આપી છે તેમાં પ્રબળતા દેખવા મળતી નથી.

*ભાષ્યકાર* ભગવંતે દરેક સ્થળે अन्ये કહીને પરમતનું ખંડન કર્યું છે. તેથી વિદ્યાર્થીને પ્રાયઃ આ ખંડન ચૂર્ણિની પ્રરૂપણાઓનું હશે તેવો ખ્યાલ આવતો નથી.

અહીં ખૂબ ઓછા પ્રરૂપણાભેદો વિશે વાત કરી છે. જો કોઇ વિદ્યાર્થી ચૂર્ણિ અને ભાષ્યનું વ્યવસ્થિત અધ્યયન કરે તો બીજી પણ અનેક પ્રરૂપણાઓમાં ભેદ જોવા મળી શકે તેમ છે. આ બન્ને વિવરણોની રચના પ્રાયઃ ખૂબ જ અલ્પ સમયના અંતરમાં થઈ હોવા છતાં બન્ને વિવરણોમાં આટલી અર્થની વિભિન્નતા કેમ છે? તથા *ચૂર્ણિકારે* પોતાના વિવરણમાં આવી, આપણને પ્રાયઃ નિર્બળ લાગે તેવી પ્રરૂપણાઓને સ્થાન કેમ આપ્યું હશે? અથવા તે પ્રરૂપણાઓનું વ્યવસ્થિત તર્કબદ્ધ સમર્થન શા માટે નથી કર્યું તે સૂક્ષ્મ અધ્યયનનો વિષય લાગે છે.

**- મુનિશ્રી નયજ્ઞવિજયજી, મુનિશ્રી ગોયમચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

* * *

## પુદ્ગલાસ્તિકાય અને ગુરુલઘુ-અગુરુલઘુ પર્યાયો

પુદ્ગલાસ્તિકાયમાં ગુરુતા અને લઘુતાની અપેક્ષાએ દ્રવ્યોનું વિભાજન સૂચવનારી *વિશેષાવશ્યક-ભાષ્ય* ગત ગાથાઓ (૬૫૯-૬૬૦) આ છે –

गुरुयं लहुयं उभयं, नोभयमिति वावहारियनयस्स । दव्वं लेट्ठुं दीवो, वाऊ वोमं जहासंखं ।।
निच्छयओ सव्वगुरुं, सव्वलहुं वा न विज्जए दव्वं । बायरमिह गुरुलहुयं, अगुरुलहुं सेसयं सव्वं ।।

આ ગાથાઓનો સામાન્ય અર્થ –

વ્યવહારનયની અપેક્ષાએ પુદ્ગલદ્રવ્યો ચાર પ્રકારનાં હોય છે – 1. **ગુરુ** – જે દ્રવ્ય નીચે તરફ ગતિ કરવાના સ્વભાવવાળું હોય તે, જેમ કે પથ્થર, લોખંડ વગેરે. 2. **લઘુ** – જે દ્રવ્ય ઉપર તરફ ગતિ કરવાના સ્વભાવવાળું હોય તે, જેમ કે દીવાની જ્યોત, આકડાનું તૂલ વગેરે. 3. **ગુરુલઘુ** – જે દ્રવ્ય ઉપર કે નીચેને બદલે તિર્છી ગતિ કરવાના સ્વભાવવાળું હોય તે, જેમ કે વાયુ. 4. **અગુરુલઘુ** – જે દ્રવ્ય ત્રણમાંથી એક પણ તરફ ગતિ કરવાના બદલે સ્થિર રહેવાના અથવા બધી તરફ ગતિ કરવાના સ્વભાવવાળું હોય તે, જેમ કે આકાશ, પરમાણુ વગેરે.

નિશ્ચયનયની અપેક્ષાએ સર્વથા ગુરુ હોય કે સર્વથા લઘુ હોય એવું દ્રવ્ય સંભવતું નથી. કેમ કે દ્રવ્ય જો સર્વથા ગુરુ હોય તો તે કાયમ નીચે તરફ જ ગતિ કર્યા કરે, પણ એવું તો બનતું નથી. કોઈ વ્યક્તિ પ્રયત્નપૂર્વક પથ્થર વગેરેને ઉપર તરફ ફેંકી જ શકે છે. એ જ રીતે સર્વથા લઘુ દ્રવ્યે સતત ઉપર તરફ જ ગતિ કર્યા કરવી જોઈએ, પણ એવું બનવાને બદલે આઘાત આપીએ તો તેવાં દ્રવ્યોની નીચે તરફ પણ ગતિ દેખાય જ છે. તેથી પુદ્ગલદ્રવ્યોમાં બે જ પ્રકાર સંભવે છે – ગુરુલઘુ અને અગુરુલઘુ. બાદરસ્કંધો ગુરુલઘુદ્રવ્ય ગણાય છે અને સૂક્ષ્મસ્કંધો અગુરુલઘુદ્રવ્ય કહેવાય છે.

[29] *આવશ્યકસૂત્ર, મલયગિરિ* વૃત્તિ – પૃષ્ઠ-૨૦(બ)

આમાં વાસ્તવિક રીતે જોઈએ તો સૂક્ષ્મ પરિણામે પરિણત સઘળુંયે પુદ્‌ગલદ્રવ્ય અને સર્વ અમૂર્ત દ્રવ્યો 'અગુરુલઘુ' ગણાય એ વાત તો બન્ને નયના મતે સમાન જ છે. તફાવત ફક્ત બાદર પરિણામે પરિણત પુદ્‌ગલદ્રવ્યમાં જ પડે છે. વ્યવહારનયના મતે બાદર સ્કંધોમાં ગુરુ, લઘુ અને ગુરુલઘુ – એમ ત્રણ પ્રકારે વિભાગીકરણ શક્ય છે જ્યારે નિશ્ચયનયના મતે બાદર પરિણામે પરિણત સઘળું પુદ્‌ગલદ્રવ્ય 'ગુરુલઘુ' એ એક પ્રકારનું જ ગણાય છે. જુઓ –

ववहारतो तु जुज्जति, बादरखंधेसु णऽण्णेसु ।। (*બૃહત્કલ્પલઘુભાષ્ય* - ૬૫)

પુદ્‌ગલદ્રવ્યોમાં બાદર પરિણામ અને સૂક્ષ્મ પરિણામ – એ વિભાજન કઈ રીતે સંભવે તે જણાવનારી *વિશેષાવશ્યક-ભાષ્ય* ની ગાથા (૬૫૮) -

ओरालिय-वेउव्विय-आहारग-तेय गुरुलहू दव्वा । कम्मग-मण-भासाई, एयाइं अगुरुलहुयाइं ।।

આ ગાથામાં જણાવ્યા મુજબ ઔદારિક, વૈક્રિય, આહારક અને તેજસ – એ ચાર વર્ગણામાં સમાતું તમામ પુદ્‌ગલદ્રવ્ય બાદર પરિણામે પરિણત હોવાથી 'ગુરુલઘુ' (વ્યવહારનયની અપેક્ષાએ ગુરુ, લઘુ અને ગુરુલઘુ) હોય છે. અને તે સિવાય પરમાણુઓ, દ્વ્યણુકથી માંડીને ઉત્કૃષ્ટ સંખ્યાતપ્રદેશિક સુધીના સર્વ સ્કંધો, સર્વ અસંખ્યાતપ્રદેશિક સ્કંધો તેમ જ કાર્મણ, મનઃ, ભાષા અને શ્વાસોચ્છ્‌વાસ એ ચાર વર્ગણામાં સમાતા અનંતપ્રદેશિક સ્કંધો તથા એ વર્ગણાઓથી આગળની અચિત્તમહાસ્કંધ સુધીની તમામ વર્ગણાઓમાં સમાતા અનંતપ્રદેશિક સ્કંધો – આ બધું જ પુદ્‌ગલદ્રવ્ય સૂક્ષ્મ પરિણામે પરિણત હોવાથી 'અગુરુલઘુ' ગણાય છે, ગુરુલઘુદ્રવ્યોમાં વર્તતા પર્યાયો પણ 'ગુરુલઘુ' જ કહેવાય છે. અને અગુરુલઘુદ્રવ્યોના પર્યાયો 'અગુરુલઘુ' કહેવાય છે એમ સામાન્ય રીતે કહેવાતું હોય છે.[30] પણ વાસ્તવમાં ગુરુલઘુદ્રવ્યોમાં પણ થોડાક અગુરુલઘુ-પર્યાયો વર્તતા જ હોય છે.

આ ગુરુલઘુ અને અગુરુલઘુ પર્યાયોમાં અલ્પ-બહુત્વનો વિચાર કરીએ તો સર્વજઘન્ય બાદર અનંતપ્રદેશિક સ્કંધોથી શરૂ કરીને એક-એક પરમાણુની વૃદ્ધિએ સર્વોત્કૃષ્ટ બાદર અનંતપ્રદેશિક સ્કંધો સુધી અનંતી બાદર વર્ગણાઓ છે. તેમાં સર્વોત્કૃષ્ટ બાદર અનંતપ્રદેશિક સ્કંધોમાં ઘણાબધા ગુરુલઘુ પર્યાયો હોય છે, જ્યારે અગુરુલઘુ પર્યાયો થોડાક જ હોય છે. તે સર્વોત્કૃષ્ટ બાદર સ્કંધોથી એક પરમાણુ હીન જે બાદર સ્કંધો છે તેમાં ગુરુલઘુ પર્યાયો સર્વોત્કૃષ્ટ બાદર સ્કંધો કરતાં અનંતગુણ ઓછા છે અને અગુરુલઘુ પર્યાયો અનંતગુણ વધારે છે. એમ ગુરુલઘુ પર્યાયોની અનંતગુણ હાનિ અને અગુરુલઘુ પર્યાયોની અનંતગુણ વૃદ્ધિ છેક સર્વજઘન્ય બાદર અનંતપ્રદેશિક સ્કંધો સુધી સમજવી. તે સર્વજઘન્ય બાદર અનંતપ્રદેશિક સ્કંધો કરતાં સર્વોત્કૃષ્ટ સૂક્ષ્મ અનંતપ્રદેશિક સ્કંધોમાં અનંતગુણ વધારે અગુરુલઘુ પર્યાયો હોય છે. અને ગુરુલઘુ પર્યાયો તો તેમાં હોતા જ નથી. તે સર્વોત્કૃષ્ટ સૂક્ષ્મ અનંતપ્રદેશિક સ્કંધો કરતાં એક પરમાણુ-હીન સૂક્ષ્મ અનંતપ્રદેશિક સ્કંધોમાં અનંતગુણ વધારે અગુરુલઘુ પર્યાયો હોય છે. એમ અનંતગુણ અગુરુલઘુ પર્યાયોની વૃદ્ધિ છેક સર્વજઘન્ય સૂક્ષ્મ અનંતપ્રદેશિક સ્કંધો સુધી સમજવાની છે. તે સર્વજઘન્ય સૂક્ષ્મ અનંતપ્રદેશિક સ્કંધો કરતાં સર્વોત્કૃષ્ટ સૂક્ષ્મ અસંખ્યપ્રદેશિક સ્કંધોમાં અનંતગુણ વધારે અગુરુલઘુ પર્યાયો હોય છે. ત્યાર બાદ એક-એક પરમાણુ હીન સ્કંધોમાં ક્રમશઃ અનંતગુણ અનંતગુણ અગુરુલઘુ પર્યાયો વધતાં જાય છે એમ છેક પરમાણુ સુધી સમજવાનું છે. અર્થાત્ દ્વ્યણુકોમાં જેટલા અગુરુલઘુ પર્યાયો હોય છે તેના કરતાં પરમાણુઓમાં અનંતગુણ વધારે અગુરુલઘુ પર્યાયો હોય છે.



---

[30] જુઓ *બૃ.ભાષ્ય* – ગાથા-૬૭ની *મલયગિરીયા* વૃત્તિ – इह बादरस्कन्धेष्वप्यगुरुलघवः पर्यायाः सन्ति, परं मुत्कलिता गुरुलघुपर्याया इति त एव तत्र शेषकालं गण्यते ।।

ઉપર જે વાત કરી તે સામાન્યથી થતી પ્રરૂપણા છે અને અનેક ગ્રંથોમાં તે પ્રમાણે જ જોવા મળે છે. *બૃહત્કલ્પલઘુભાષ્ય* ની *શ્રીમલયગિરિસૂરિજી* રચિત વૃત્તિમાં પણ તે પ્રમાણે જ પ્રરૂપણા છે. જુઓ ગાથા-૬૭-૬૮ ની વૃત્તિ –

सम्प्रति पर्यायपरिमाणमल्पबहुत्वेन चिन्त्यते – इह पञ्च राशयः क्रमेण स्थाप्यन्ते, तद्यथा – परमाणुराशिः, सङ्ख्यातप्रदेशस्कन्धराशिः, असङ्ख्यातप्रदेशस्कन्धराशिः, सूक्ष्मानन्तप्रदेशस्कन्ध-राशिः, बादरानन्तप्रदेशस्कन्धराशिश्च । तत्र बादरानन्तप्रदेशस्कन्धराशौ योऽन्तिमः सर्वोत्कृष्टो बादरस्कन्धस्तत्र बहवो गुरुलघुपर्यायाः सर्वस्तोका अगुरुलघुपर्यायाः । तस्मात् सर्वोत्कृष्टाद् बादरस्कन्धाद् येऽधस्तना बादरस्कन्धास्तेषु गुरुलघुपर्यायाः क्रमेणाऽनन्तगुणहान्या द्रष्टव्याः, अगुरुलघुपर्यायाः पुनरनन्तगुणवृद्ध्या । एवं च तावद् ज्ञातव्यं यावत् सर्वजघन्यो बादरस्कन्धः ।... ततः परं सूक्ष्मानन्तप्रदेशादिषु स्कन्धेषु केवला अगुरुलघुपर्याया एव क्रमेणाऽनन्तगुणवृद्ध्या प्रवर्धमाना द्रष्टव्याः, ते च तावद् यावत् परमाणवः ।।

*બૃહત્કલ્પબૃહદ્ભાષ્ય* માં પણ આ મુજબ જ જણાવાયું છે.

પણ *બૃહત્કલ્પલઘુભાષ્ય* ની *ચૂર્ણિ* માં યુક્તિપુરસ્સર રીતે સર્વ પુદ્ગલદ્રવ્યને ગુરુલઘુ જ ગણાવાયું છે -

निश्चयात्तु गुरुलघवः सर्वे पुद्गलाः । यस्मात् परमाणोरपि गुरुलघुभावो विद्यते । कथम्? यदि तस्यैकान्तेन गुरुभावो न स्यात् ततोऽनन्तपरमाणुसमवायेऽपि गुरुत्वं न स्यात्, ततश्चाऽसत्कार्यप्रसङ्गः । असत्कार्ये च वैशेषिकादिसिद्धान्तप्रसङ्गः । यस्मादमी दोषास्तस्मात् परमाणौ गुरुत्वं विद्यते । एवं लघुत्वमपि । अगुरुलघवश्च सर्वेऽमूर्तास्तिकायाः ।। (ગાથા-૬૫ *ચૂર્ણિ)*

આનો મતલબ એ થાય કે સામાન્ય રીતે બાદર પરિણામે પરિણત અનંતપ્રદેશિક સ્કંધો સિવાયનું તમામ પુદ્ગલદ્રવ્ય અગુરુલઘુ જ ગણાય છે. પણ *બૃહત્કલ્પલઘુભાષ્ય* ના *ચૂર્ણિકાર* ના મતે, પુદ્ગલદ્રવ્ય બાદર પરિણામે પરિણત હોય કે સૂક્ષ્મ પરિણામે પરિણત હોય, એ ગુરુલઘુ જ હોય છે. તેઓએ આ માટે જે યુક્તિ આપી છે તે 'જે સમુદાયનાં અંગભૂત દ્રવ્યોમાં ન હોય તે સમુદાયમાં પણ ન હોય' તેવા ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પર આધારિત છે. તેમનું કહેવું છે કે જો પરમાણુમાં એકાંતે ગુરુભાવનો અભાવ માનો તો, અનંત પરમાણુ ભેગા થઈને પણ ગુરુત્વ ધરાવતા બાદર સ્કંધની રચના ન કરી શકે. અને પરમાણુઓમાં ગુરુત્વ સર્વથા ન હોવા છતાં, એમનાથી રચાતા બાદરપરિણામી સ્કંધોમાં તે ઉત્પન્ન થાય છે એમ માનો તો, 'સર્વથા અસત્ ની પણ ઉત્પત્તિ સંભવિત છે' એવા વૈશેષિકસંમત અસત્કાર્યવાદનો પણ સ્વીકાર કરવો પડશે. અને જો એ અસત્કાર્યવાદ ન સ્વીકારવો હોય તો, પરમાણુમાં પણ ગુરુત્વ સ્વીકારવું જ જોઈએ.

પ્રશ્ન થાય કે જો સઘળું પુદ્ગલદ્રવ્ય એકસરખું ગુરુલઘુ જ હોય તો, કેટલાક સ્કંધો બાદર પરિણામે પરિણત હોય અને કેટલાક સ્કંધો સૂક્ષ્મ પરિણામે પરિણત હોય આમ થવાનું કારણ શું ? *બૃહત્કલ્પચૂર્ણિકાર* આના સમાધાનમાં જણાવે છે કે –

इह पुण बादरीहोंताणं पोग्गलाणं गुरुपज्जाया वड्ढंति, लहुपज्जाया हायंति । सुहुमीहवंताणं पुण लघुपज्जाया वड्ढंति, गुरुपज्जाया हायंति ।। (ગાથા-૬૯ *ચૂર્ણિ)*

અર્થાત્ પુદ્ગલાસ્તિકાયમાં બે પ્રકારના પર્યાયો હોય છે – ગુરુપર્યાયો અને લઘુપર્યાયો. તેમાં જે સ્કંધોમાં ગુરુપર્યાયો વધારે હોય અને લઘુપર્યાયો ઓછા હોય તે સ્કંધો બાદર ગણાય છે. અને જે સ્કંધોમાં લઘુપર્યાયો વધારે હોય અને ગુરુપર્યાયો ઓછા હોય તે સ્કંધો સૂક્ષ્મ ગણાય છે.

આ ગુરુ-લઘુ પર્યાયોમાં અલ્પ-બહુત્વની વ્યવસ્થા *કલ્પચૂર્ણિકાર* ના મતે આ પ્રમાણે છે –

थूला बादरपरिणता अणंतपदेसिया खंधा, तेसिं गुरुपज्जायेहिंतो लहुपज्जाया अणंतगुणहीणा। तदणंतरं सुहुमपरिणता अणंतपदेसिया खंधा, तेसिं बादरपरिणताणंतपदेसियखंध-लघुपज्जाएहिंतो अणंतगुणहीणा गुरुपज्जाया, तग्गुरुपज्जाएहिंतो य अणंतगुणवड्डिया लहू पज्जाया। एवं जहा जहा सुहुमा तहा तहा गुरुपज्जाया अणंतहाणीए हायंति, लहुपज्जाया अणंतवुड्डीए वड्ढंति। जाव दुपएसिय-लहुपज्जाएहिंतो अणंतगुणहीणा परमाणुगुरुपज्जाया, तग्गुरुपज्जाएहिंतो य अणंतगुणवड्डिया लहू पज्जाया॥ (ગાથા-૬૬ *ચૂર્ણિ)*

આનો ભાવાર્થ - પુદ્ગલસ્કંધોમાં જે સંમિલિત ગુરુ-લઘુ પર્યાયો હોય છે, તેમને પ્રજ્ઞાના છેદથી ગુરુ પર્યાયો અને લઘુ પર્યાયો એમ વિભાજિત કરીને એમનું અલ્પ-બહુત્વ વિચારીએ તો, સર્વોત્કૃષ્ટ બાદર અનંતપ્રદેશિક સ્કંધોમાં ઘણાબધા ગુરુ પર્યાયો હોય છે, જ્યારે લઘુ પર્યાયો તેમનાથી અનંતગુણહીન હોય છે. તે સર્વોત્કૃષ્ટ બાદર સ્કંધોથી એક પરમાણુ-હીન જે બાદર સ્કંધો છે તેમાં ગુરુ પર્યાયો સર્વોત્કૃષ્ટ બાદર સ્કંધો કરતાં અનંતગુણ ઓછા છે અને લઘુ પર્યાયો અનંતગુણ વધારે છે. એમ ગુરુ-લઘુ પર્યાયોની ક્રમશઃ અનંતગુણ હાનિ અને અનંતગુણ વૃદ્ધિ છેક સર્વજઘન્ય બાદર અનંતપ્રદેશિક સ્કંધો સુધી સમજવી. તે સર્વજઘન્ય બાદર અનંતપ્રદેશિક સ્કંધો કરતાં સર્વોત્કૃષ્ટ સૂક્ષ્મ અનંતપ્રદેશિક સ્કંધોમાં અનંતગુણ વધારે લઘુ પર્યાયો હોય છે. અને ગુરુ પર્યાયો અનંતગુણહીન હોય છે. તે સર્વોત્કૃષ્ટ સૂક્ષ્મ અનંતપ્રદેશિક સ્કંધો કરતાં એક પરમાણુ-હીન સૂક્ષ્મ અનંતપ્રદેશિક સ્કંધોમાં અનંતગુણ વધારે લઘુ પર્યાયો અને અનંતગુણહીન ગુરુ પર્યાયો હોય છે. એમ અનંતગુણ લઘુ પર્યાયોની વૃદ્ધિ અન અનંતગુણ ગુરુ પર્યાયોની હાનિ છેક સર્વજઘન્ય સૂક્ષ્મ અનંતપ્રદેશિક સ્કંધો સુધી સમજવાની છે. તે સર્વજઘન્ય સૂક્ષ્મ અનંતપ્રદેશિક સ્કંધો કરતાં સર્વોત્કૃષ્ટ સૂક્ષ્મ અસંખ્યપ્રદેશિક સ્કંધોમાં અનંતગુણ વધારે લઘુ પર્યાયો અને અનંતગુણહીન ગુરુ પર્યાયો હોય છે. ત્યાર બાદ એક-એક પરમાણુ-હીન સ્કંધોમાં ક્રમશઃ અનંતગુણ અનંતગુણ લઘુ પર્યાયો વધતાં જાય છે અને અનંતગુણ અનંતગુણ ગુરુ પર્યાયો ઘટતાં જાય છે. એમ છેક પરમાણુ સુધી સમજવાનું છે. અર્થાત્ દ્વ્યણુકો કરતાં પરમાણુઓમાં અનંતગુણ વધારે લઘુ પર્યાયો અને અનંતગુણહીન ગુરુ પર્યાયો હોય છે.

આ મતાંતર *બૃહત્કલ્પલઘુભાષ્ય* ની ચૂર્ણિ સિવાય પ્રાયઃ ક્યાંય નોંધાયો નથી. *કલ્પચૂર્ણિકારે* અન્ય ગ્રંથોમાં સૂક્ષ્મ પરિણામે પરિણત પુદ્ગલદ્રવ્યમાં અગુરુલઘુ પર્યાયો કહેવાયા છે તે મત પણ નોંધ્યો છે. આ ઉપરાંત *નંદીસૂત્ર* ની ચૂર્ણિમાં *શ્રીજિનદાસગણિ મહત્તરે* અમૂર્ત દ્રવ્યોના અગુરુલઘુ પર્યાયો સંબંધે જણાવ્યું છે કે –

रूविदव्वाणं जे य अगुरुलहुपज्जाया ते पण्णाछेदेण पिंडिता। एतेहिंतो एक्कस्स चेव अमुत्तदव्वस्स जे अगुरुलहुपज्जाया ते अणंतगुणा भवंति॥

મતલબ કે તમામ પુદ્ગલદ્રવ્યના અગુરુલઘુ પર્યાયોને ભેગા કરો તો પણ તેમના કરતાં એક અમૂર્ત દ્રવ્યના અગુરુલઘુ પર્યાયો પણ અનંતગુણ જ થાય છે, એટલી પ્રચુર માત્રામાં અમૂર્ત દ્રવ્યોમાં અગુરુલઘુ પર્યાયો હોય છે.

**– त्रै.मं.**

* * *

## પત્રચર્ચા

→ **श्रुतसंविभाग** – ४ માં મુનિ *શ્રીમલયગિરિવિજયજી* દ્વારા ગિરનાર પર્વતની દરેક આરામાં જુદી જુદી ઊંચાઇ અને જુદાં જુદાં નામ જણાવાયાં છે, આ વાત ‘કૌન બનેગા જ્ઞાની’ પુસ્તકમાં પણ વાંચવા મળેલ. પરંતુ આ કથન કયા ગ્રંથમાં છે તે જણાવ્યું નથી. તેથી ગ્રંથનું નામ જો જણાવાય તો કથન વધુ પ્રમાણસંપન્ન બને.

**- મુનિ શ્રીશીલચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

→ <u>रुद्दाओ सुयसमुद्दाओ કે रुंदाओ सुयसमुद्दाओ ?</u> (श्रुतसंविभाग – ५) ચર્ચા અંગે

મુનિ *શ્રીશીલચંદ્રવિજયજી* એ (ડહેલાવાળા-સમુદાય) *જીવવિચાર* પ્રકરણની છેલ્લી ગાથાના **रुद्दाओ सुयसमुद्दाओ** પાઠના સમર્થન માટે જે *પંચવસ્તુ* અને *જીવવિચારવૃત્તિ* ના પાઠ આપ્યા છે તે મુદ્રિત પ્રતના પાઠ છે. પ્રશ્ન એ થાય કે એ બન્ને પાઠ હસ્તલિખિત પ્રતિમાં એ જ સ્વરૂપે ઉપલબ્ધ છે કે કેમ? એ વાચના સંશોધિત થયેલી છે? અમારા દાદા ગુરુભગવંત *શ્રીવિજયપ્રદ્યુમ્નસૂરિજી* મહારાજે પૂજ્ય મુનિરાજ શ્રીજંબૂવિજયજી મહારાજ સાથે મળીને હસ્તલિખિત પ્રતિ તપાસી હતી અને તેના આધારે તેઓશ્રી **रुद्दाओ** ને સ્થાને **रुंदाओ** પાઠ સૂચવતા હતા. વળી મહારાષ્ટ્રમાં આજે પણ रुंद શબ્દ પહોળા-વિસ્તારવાળા અર્થમાં વપરાય છે. રસ્તો સાંકડો હોય તો તેના માટે મરાઠી ભાષામાં આવું બોર્ડ લખાય છે – **आगे रास्ता अरुंद आहे ।** મતલબ કે रुंद એટલે પહોળો અને **अरुंद** એટલે સાંકડો. આ બધા પર વિચાર કરતાં **रुंदाओ सुयसमुद्दाओ** પાઠ જ વધારે યોગ્ય જણાય છે. **- મુનિ શ્રીમલયગિરિવિજયજી** (શ્રીનેમિસૂરિજી-સમુદાય)

*

→ **श्रुतसंविभाग – ५** માં શ્રીસુપાર્શ્વનાથ પ્રભુના દેહના વર્ણ વિશે વાત થઇ છે. જેમાં *ચઉપન્ન-મહાપુરિસચરિયં* ના पियंगुमंजरीसामदेहो પાઠના આધારે સુપાર્શ્વનાથ પ્રભુના દેહનો વર્ણ શ્યામ જણાવાયો છે. તે અંગે વિચાર કરતાં એમ લાગે છે કે આ પાઠમાં જો **साम** ને બદલે **सम** એવું શુદ્ધીકરણ વિચારીએ તો તે પદનો અર્થ 'પ્રિયંગુવૃક્ષની મંજરી જેવા દેહવર્ણવાળા' આવો થાય. અને તો અન્ય સંદર્ભોના આધારે તપાસ કરતાં પ્રિયંગુવૃક્ષની મંજરીનો વર્ણ શ્યામને બદલે સુવર્ણ સરખો હોય તેમ જણાયાથી સુપાર્શ્વનાથ પ્રભુના દેહનો વર્ણ સુવર્ણ સરખો હતો આવી અન્ય ગ્રંથોની પ્રરૂપણા સાથે આ વાતનો કોઇ વિરોધ પણ રહેતો નથી.

*

→ <u>श्रुतसंविभाग – ५ – कीदृशो नीलवर्ण:?</u> એ ચર્ચાને અનુલક્ષીને

મુનિ *શ્રીયશોવિજયજી* એ (પાછળથી આચાર્ય *શ્રીયશોદેવસૂરિજી)* તેમના પુસ્તક 'સિદ્ધચક્ર યંત્રપૂજન : એક સર્વેક્ષણ અને સમીક્ષા' માં આ સંબંધી વિસ્તારથી ચર્ચા કરી છે. તેનો સાર આ પ્રમાણે છે –

ઉપાધ્યાયજી અને મલ્લિ-પાર્શ્વજિનનો વર્ણ નીલ છે. તે નીલ એટલે ભૂરો જ હોવો જોઇએ. કારણ કે લાલ-પીળો-ભૂરો આ ત્રણ મૂળ રંગ છે. કોશમાં પણ લીલા-હરિત રંગનો પર્યાય 'નીલપીત' આપેલ છે. અર્થાત્ ભૂરા રંગમાં પીળો રંગ ભળે એટલે લીલો રંગ બને છે. એટલે નીલનો અર્થ ભૂરો જ થાય.

હવે ભૂરાને બદલે લીલો રંગ કેવી રીતે ગોઠવાઇ ગયો તે બાબતે એક તર્ક આપતા તેઓ લખે છે કે પાંચ વર્ણના ધાન્યથી જ્યારે સિદ્ધચક્રજીનું માંડલું બનાવાય ત્યારે નીલ-ભૂરા રંગનું કોઇ ધાન્ય ન હોવાથી ભૂરા-પીળા રંગના મિશ્રણથી બનેલ લીલા રંગના મગને સ્થાન મળ્યું હોય અને વર્ષોવર્ષ તે જ રંગને જોવાથી લીલો રંગ જ ઉપાધ્યાયજીના અને તે પછી મલ્લિ-પાર્શ્વજિનના વર્ણ તરીકે બેસી ગયો હોય એવી સંભાવના છે.

આ રીતે 'નીલ એટલે ભૂરો' આ અર્થને તર્કનું પીઠબળ હોવા છતાં તેઓ જણાવે છે કે ૧૪ મી સદીથી અત્યાર સુધીના તાડપત્ર, કાગળની પ્રતો કે યંત્રપટોમાં પાર્શ્વનાથજીનાં ચિત્રો પ્રાયઃ લીલા રંગના જ મળે છે. ક્યાંય ભૂરો રંગ જોવા મળતો નથી. સિદ્ધચક્રજીમાં પણ મગ લીલા હોવાને કારણં લીલો રંગ જ દોરાતો હતો. તેથી પ્રવૃત્તિમાં તો લીલો રંગ જ નીલ તરીકે વપરાતો આવ્યો છે. આ સંબંધી અંતિમ નિર્ણય તેઓએ સંશોધકો પર છોડ્યો છે.

આ પછી તેઓએ સાધુપદના રંગ વિશે ચર્ચા કરતાં જણાવ્યું છે કે આ પદના વર્ણ તરીકે અંજન-શ્યામ-કૃષ્ણ – આવા બધા પદોનો જ ઉપયોગ થયો છે. અને કોશકારોએ તેનો અર્થ 'કાળો' જ કર્યો છે. તેમ છતાં

સિદ્ધચક્રજીના જે ગટ્ટાઓ પ્રાયઃ જયપુરમાં બનતા હતા તેમાં અને આશરે સો વરસ પૂર્વે શ્રીપાલ રાજાના રાસમાં જે ચિત્રો છાપવામાં આવતાં હતાં તેમાં સાધુનો રંગ આકાશી ભૂરો જ બતાવવામાં આવ્યો છે. કાળો રંગ કયાંય જોવા મળતો નથી. આ પ્રવૃત્તિમાં કદાચ કાળો રંગ અપશુકનિયાળ ગણાતો હોવાને કારણે ભૂરો રંગ બનાવવામાં આવતો હશે એવી સંભાવના છે. વિશેષ જિજ્ઞાસુઓએ આ ચર્ચા તેમના પુસ્તકમાં પરિશિષ્ટ-૬ માં જોઇ લેવા ભલામણ છે. **- મુનિ શ્રીનયજ્ઞવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

[આ વિશે ભૂતકાળમાં આ. *શ્રીયશોદેવસૂરિજી* મ. સાથે આ. *શ્રીશીલચંદ્રસૂરિજી* મ. વગેરેની ઘણી ચર્ચા-વિચારણા થયેલ છે. 'સુઘોષા' માં તે વિશે લેખો પણ પ્રકાશિત થયા છે. આટલું જાણ સારું. – **સં.**]

* * *

## જિજ્ઞાસા

**?** (૧) ઉપાધ્યાયશ્રી *માનવિજયજી* કૃત *ધર્મસંગ્રહ* – અધિકાર-૨, શ્લોક-૨૩ ના વિવરણમાં વ્રતગ્રહણ-સમયે ૮ થોયના નંદીના દેવવંદનની વાત જણાવેલ છે. જેમાં માત્ર એક શાસનદેવતાની જ સ્તુતિ આપેલ છે, બાકીના સ્થાને કઇ સ્તુતિ બોલવી તે ત્યાં જણાવાયું નથી. શાસનદેવતાની સ્તુતિ પણ વર્તમાનસમયે પ્રચલિત દેવવંદનમાં જે उपसर्गवलयविलयननिरता... સ્તુતિ આવે છે તેને બદલે या पाति शासनं जैनं... જણાવેલી છે. તો આ બધી સ્તુતિઓનું મૂળ સ્થાન ક્યાં છે? અને શાસનદેવતાની સ્તુતિમાં જે ફેરફાર દેખાય છે તે પણ ક્યારથી શરૂ થયો છે?

**?** (૨) ઉપાધ્યાયશ્રી *માનવિજયજી* કૃત *ધર્મસંગ્રહ* – અધિકાર-૨, શ્લોક-૨૩ ના વિવરણના અંતે સમ્યક્ત્વના સ્થિરીકરણાર્થે કાયોત્સર્ગની વિધિ જણાવેલ છે. सम्यक्त्वसामायिकस्थिरीकरणार्थं करेमि काउस्सग्गं इत्यादि सत्तावीसुस्सासचिंतणं चउवीसत्थयभणनं... તો આ વિધિ વર્તમાન સમયે ક્યાંય પ્રચલિત છે? – **મુનિ તારકચંદ્રસાગરજી** (સાગરજી મહારાજનો સમુદાય)

**=** અનુજ્ઞાના દરેક મુખ્ય કાયોત્સર્ગ વખતે सुयक्खंधं अणुजाणावणी તથા थिरीकरावणी काउ. કરાવો અને करेमि काउ. બોલવાનું હાલમાં ચલણ છે તેમાં આ વિધિનો જ સંકેત જણાય છે. – **સં.**

**?** *તત્ત્વાર્થાધિગમસૂત્ર*, અધ્યાય-૩, સૂત્ર-૧ ના ભાષ્યમાં रत्नप्रभा घनभावेनाऽशीतं योजनसहस्रम् આવો પ્રયોગ મળે છે. રત્નપ્રભા ઘનભાવથી એક લાખ એંશી હજાર યોજન છે. આમાં अशीतं योजनसहस्रम् આ પ્રયોગની સિદ્ધિ કેવી રીતે થાય? કારણ કે *સિદ્ધહેમશબ્દાનુશાસન* ના अधिकं तत्सङ्ख्यमस्मिन् शतसहस्रे शति-शद्-दशान्ताया डः (७.१.१५४) આ સૂત્રથી શતિ, શદ્ અને દશ અંતવાળા શબ્દોથી 'ડ' પ્રત્યય થાય છે. તેથી 'અશીતિ' શબ્દને આ સૂત્રથી 'ડ' પ્રત્યય નહીં થાય. તો પછી ઉપરોક્ત પ્રયોગની સિદ્ધિ કયા સૂત્રથી થશે? – **મુનિ શ્રીસુવ્રતચંદ્રવિજયજી** (ડહેલાવાળા-સમુદાય)

**?** *પ્રવચનસારોદ્ધાર* ની ગાથા – ૪૪૧ થી ૪૫૦ માં પ્રભુના ચોત્રીસ અતિશયોનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ગાથા-૪૪૫ ની વૃત્તિમાં જણાવાયું છે કે પ્રભુનું સિંહાસન અતિ નિર્મળ સ્ફટિક મણિમય હોય છે. आकाशवदत्यन्तं स्वच्छो योऽसौ स्फटिकमणिस्तन्मयं सिंहासनं सपादपीठं... આની સામે પ્રભુનું સિંહાસન સુવર્ણમય હોય છે તેમ પણ ઘણે ઠેકાણે જણાવવામાં આવે છે. જેમ કે – "મહાવિદેહમાં સીમંધરસ્વામી સોનાનું સિંહાસન જી..." તો આમાં ખરેખર શું સમજવું? – **મુનિ શ્રીપરમયશવિજયજી** (શ્રીૐકારસૂરિજી-સમુદાય)



* **શ્રુતસંવિભાગ** માં પ્રગટ થતી સામગ્રી વિચારણાત્મક સમજવી, નિર્ણયરૂપ નહીં. ચિંતન દ્વારા આ વિચારણાને આગળ વધારવા વિનંતિ.

* સંકલન : **મુનિ ત્રૈલોક્યમંડનવિજય** (શ્રીનેમિસૂરિજી-સમુદાય) સંપર્ક : c\o અતુલ એચ. કાપડિયા, A\9 જાગૃતિ ફ્લેટ્સ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ 380 007 મો. 99798 52135